
વહેવાને મારગ કરીએ
પૂર્ણાબહેન પંડ્યા

# વહેવાને મારગ કરીએ

પૂર્ણાબહેન પંડયા

: પ્રાપ્તિ સ્થાન :

જ્ઞાનેશ કે. સાવલા

૨, હુન્નરશાળા, નવી જેલ સામે

જામનગર - ૩૬૧ ૦૦૫

☎ ૬૭૪૨૯૮

Vahevane Marag Karie
A Collection of Gujarati Poems
By Purnabahen Pandya

**પ્રકાશક :**
જ્ઞાનેશ કે. સાવલા
૨, હુન્નરશાળા, નવી જેલ સામે
જામનગર - ૩૬૧ ૦૦૫

© પૂર્ણાબહેન પી. પંડયા

પ્રથમ આવૃતિ : મે ૧૯૯૮

**કિંમત : રૂા. ૫૦-૦૦**

**મુદ્રક :**
કિરીટ પ્રિન્ટરી
ચાંદી બજાર, બુગદામાં
જામનગર - ૩૬૧ ૦૦૧

**કોમ્પ્યુટ્રાઇઝડ ટાઇપસેટિંગ :**
શાહ કાર્ડઝ એન્ડ ગ્રાફિકસ
ઇ-૩, સુપર માર્કેટ, બીજે માળે
જામનગર - ૩૬૧ ૦૦૧

પૂજા કોમ્પ્યુટર્સ
૧, વંડા ફળી, આંબલીયા કૂવા પાસે
જામનગર - ૩૬૧ ૦૦૧

## અર્પણ



શ્રી શ્રી ૧૦૮ સંત શિરોમણિ અવધૂત
શ્રી વિષ્ણુપ્રસાદ મહારાજશ્રીને
અર્પણ

મૂર્તિ એવી સ-રસ મનની દિવ્ય નૈના ઝરંતી.
પાવિત્ર્યોનું નિખિલ ધન હા ! ભાવ ભવ્ય લલાટે.
હૈયે કેવી ! મધુર લસતી અદ્વૈતની જ્ઞાન ગંગા !
પામી રે આશિષ હૃદયથી ''तत्त्वमसि'' તણી હા !
તેથી મારાં જીવનવનમાં સત્યનું પદ્મ ખીલ્યું.
કાવ્યાંજલિ, મમ હૃદયની પાદ પદ્મે ધરું હાં !

# પ્રકાશકનું નિવેદન

પરમ પવિત્ર, આત્માનુભૂતિ સંપન્ન, ઇશ્વરનિષ્ઠ, પરમ પૂજ્ય ભગવતી પૂર્ણાબહેનનો આ કાવ્ય સંગ્રહ પ્રકાશિત કરતાં મને અત્યંત આનંદ થાય છે. તેઓ અમારા કુટુંબ સાથે આત્મભાવે ઓતપ્રોત છે. મારા નાના ભાઇ આનંદ અને મારા જીવન ઘડતરમાં તેમનો અમૂલ્ય ફાળો છે. તેમના પ્રેમ અને પ્રેરણા અમને સતત મળતાં રહ્યાં છે.

પ. પૂ. ભગવતી પૂર્ણાબહેન જન્મસિધ્ધ યોગીનિ છે. તેઓ બધી ફરજો અને જવાબદારીઓ પ્રેમ, સચ્ચાઇ અને નિષ્ઠાપૂર્વક બજાવે છે. સૌની સાથે સમરસ થઇ જવું એ તેમની અદ્‌ભુત લાક્ષણિકતા છે. અસામાન્ય વ્યકિત સામાન્યપણે જીવતી હોય તેનું તેઓ વિરલ દ્રષ્ટાંત છે. તેમનામાં નિદોર્ષ પ્રેમ અને માધુર્ય સતત છલકાતું રહે છે. સંગીત, ભજનો અને કાવ્યો દ્વારા તેમની અંતરવીણા હંમેશાં ગુંજતી રહે છે. મનુષ્ય પ્રત્યેનો સમભાવ, પ્રકૃતિ સાથેના તાદાત્મ્યમાંથી ઝંકૃત થયેલી સંવેદનાઓ અને પરમાત્મ પ્રેમના સ્પંદનો શબ્દદેહ પામીને અવતરેલાં કાવ્યોનો આ સંગ્રહ છે. આ સંગ્રહના કાવ્યોનું માત્ર સાહિત્યિક મૂલ્ય જ નથી; એ જ્ઞાન અને આત્મબોધના પણ પરિચાયક છે. તેથી તેમાંથી આત્મ જિજ્ઞાસુઓ અને સાધકોને પ્રેરણા અને માર્ગદર્શન મળશે તેમજ સાહિત્ય પ્રેમીઓ અને ભાવકોને પણ આ કાવ્યો જરૂર ગમશે અને પ્રસાદનો અનુભવ કરાવશે.

મને પ્રકાશક તરીકે યોગ્ય સમજી આ સંગ્રહના પ્રકાશનની જવાબદારી સોંપવા બદલ હું પ. પૂ. ભગવતી પૂર્ણાબહેનનો ઋણી છું. જેમનું જીવન પ્રેમપૂર્ણ, સચ્ચાઇભરેલું અને સેવાપરાયણ રહ્યું છે; જેઓ બધી જવાબદારીઓ અને ફરજો બજાવતાં ચૂપચાપ સાધના કરી આત્માનુભૂતિને પામ્યાં છે એવા મારા પ. પૂ. બ્રહ્મવિદ્ પપ્પાના પરિશ્રમને

પરિણામે આ કાવ્ય સંગ્રહનું પ્રકાશન શકય બન્યું છે. એ માટે તેમનો પણ હું ઋણી છું.

આ સંગ્રહના કાવ્યોમાં વ્યકત થયેલ મધુરાદ્વૈત જીવન દર્શનની વિભાવનાના મિશનમાં પ્રેમ અને ખંતથી યોગદાન આપનાર નિર્મળ હૃદયી શ્રી જગદીશભાઇ ગોંડલિયા - ટેકસેશન પ્રેકટીસનર, જામનગર તથા આદર્શ શિક્ષક શ્રી નરોત્તમભાઇ સોલંકી - આચાર્યશ્રી, એમ. એમ. યાજ્ઞિક હાઇસ્કૂલ, સલડી (જિ. અમરેલી) - આ બંને સેવાભાવી મહાનુભાવોની સેવાને બિરદાવતાં મને ખૂબ ખુશી થાય છે. આ કાવ્ય સંગ્રહના પ્રકાશન માટે પ્રોત્સાહન આપનાર અમરેલીની મ્યુનિ. ગર્લ્સ હાઇસ્કૂલના સાલસ સ્વભાવના, ભૂતપૂર્વ નિરીક્ષક સ્વ. શ્રી દિનકરભાઇ મહેતાનો, આ કાવ્ય સંગ્રહના પ્રકાશન કાર્ય માટે પ્રેમ અને ઉત્સાહપૂર્વક સહકાર આપવા સદા તત્પર, જામનગરના આત્મજિજ્ઞાસુ શ્રી દિલીપભાઇ માલદેનો તથા આ કાવ્ય સંગ્રહના મુખપૃષ્ઠ માટે પોતાના સુંદર ફોટો સંગ્રહમાંથી, ફોટો આપવાનું સૌજન્ય દાખવવા બદલ ફોટોગ્રાફી જેમની હોબી છે એવા ફોટોગ્રાફીના સિદ્ધહસ્ત કલાકાર શ્રી ચંદ્રવદનભાઇ માલદેનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

આ કાવ્ય સંગ્રહનું સુઘડ કોમ્પ્યુટ્રાઇઝડ ટાઇપસેટિંગ કરી આપનાર શાહ કાર્ડઝ એન્ડ ગ્રાફિકસના શ્રી હેમેન્દ્રભાઇ શાહ તથા પૂજા કોમ્પ્યુટર્સના શ્રીમતી ઉષાબહેન કે. ત્રિવેદી તેમજ સુંદર મુદ્રણ કરી આપનાર કિરીટ પ્રિન્ટીંગ પ્રેસના મૃદુ અને વિનયશીલ શ્રી કિરીટભાઇ ત્રિવેદીનો પણ હું હાર્દિક આભાર માનું છું.

પ. પૂ. ભગવતી પૂર્ણાબહેનનો પ્રભુપ્રેમ સૌને સદાસર્વદા પલ્લવિત પુષ્પિત કરતો રહો.

જ્ઞાનેશ સાવલા



## ઊર્ધ્વચેતનાની કવિતા

જીવન સતત વહેતું રહે છે. ઝરણાંની જેમ વહેતા જીવનમાં લય હોય છે. મધુરતા હોય છે. મનુષ્ય વિવિધ ગ્રંથિઓ બાંધીને વહેતા જીવનને કુંઠિત કરી નાખે છે. કુંઠિત જીવન લય અને મધુરતા ગુમાવી દે છે. ગ્રંથિઓને કારણે સરળ જીવન જટિલ બની જાય છે. ગ્રંથિઓના ફળ સ્વરૂપે મનુષ્ય તાણ ભોગવે છે. અજંપામાં રહે છે. અશાંતિથી પીડાય છે. તે પોતાની માનસિક પ્રતિમા રચે છે અને એ પ્રતિમાનો કેદી બની જાય છે. મહોરાં ધારણ કરીને ભ્રાંત ધારણાઓમાં જીવન પૂરું કરી નાખે છે. પરંતુ ગ્રંથિઓ છૂટે નહીં, પ્રતિમાઓ તૂટે નહીં અને મહોરાં હટે નહીં, તો શાંતિ અને આનંદ પણ મળશે નહીં. આ કાવ્ય સંગ્રહમાં મહોરાં રહિત, પ્રતિમા મુકત નિર્ગ્રંથપણે વહેતા જીવનનો ધબકાર છે. આવા નિર્ગ્રંથ જીવનમાંથી નિષ્કલંક માધુર્યની સરવાણી વહેતી હોય છે. નિષ્કલંક માધુર્યનો ભાવ હૈયામાં જાગે તો એને હૈયામાં જ ઢબૂરી ન રખાય.

હૈયે જાગ્યો તો એને વહેવાને મારગ કરીએ રે.
હૈયે જાગ્યો તો એને બાંધી ન રાખીએ. (પૃ. ૧૨)

પીંડમાં પુરાય તે પ્રીતિ તો પાંગળી;
સૃષ્ટિ સુવાસમાં ફેલાય તે તો આગવી. (પૃ. ૧૨)

આ ઊર્ધ્વચેતનાની કવિતા છે તેમાં ઉપનિષદ્‌ના ઋષિઓ, નરસિંહ મહેતા, મીરાં અને કબીર જેવા મરમીઓની વાણી જેવો ધ્વનિ ગુંજે છે. વનાંચલ હોય કે યંત્રાંચલ, ભદ્ર સમાજ હોય કે પ્રાકૃત સમાજ, નગરજીવન હોય કે ગ્રામજીવન, વ્યકિત સંસ્કૃત હોય કે અસંસ્કૃત, શિક્ષિત હોય કે અશિક્ષિત પરંતુ ભાવજીવન બધાંમાં સરખું જ

હોય છે. આ ભાવજીવનના મૂળ સાથે જે સર્જક તદ્રુપતા સાધી શકે છે તે સર્જકની વાણી આર્ષવાણી બની જાય છે. ભગવતી પૂર્ણાબહેન મરમી છે અને તેમની કવિતામાં મરમીઓ જ ઉચ્ચારી શકે એવી આર્ષવાણી અભિવ્યક્ત થાય છે.

જાગીને જોયું તો......
નહીં રાત કે નહીં દિવસ
બસ 'હું' છું શુધ્ધ નિશ્ચલ
જ્ઞાન સ્વરૂપ નિરાકાર સ્વયમેવ સ્ફુરિત
'હું' અચલ જ્યોતિર્મય
આત્માનંદ! (પૃ. ૮૨)

ભૂલી પડેલી 'હું' નદી .... આજ સાગરે ભળી.
પ્રતિબિંબ રજકણની જેમ પલકમાં ખરી પડયું.
બસ, બિંબ બની સર્વને વ્યાપી રહી. (પૃ. ૮૩)

ગમે તેવો વિદ્વાન, પંડિત કે બહુશ્રુત હોય, પરંતુ તેનામાં આવી વાણી ઉચ્ચારવાની તાકાત હોતી નથી. આટલી સહજ રીતે અને આવી બુલંદીથી મરમી જ આવી વાણી ઉચ્ચારી શકે.

શૂન્ય, અતિશૂન્ય કે મહાશૂન્ય
દર્શન બુદ્ધનું નથી મને માન્ય. (પૃ. ૨૫)

બુદ્ધે પ્રયોજેલા 'શૂન્ય' શબ્દને કારણે બુદ્ધના દર્શનનો સ્વીકાર કરવાનું મુશ્કેલ પડે છે. સામાન્યપણે લોકોને સુષુપ્તિ, સ્વપ્ન અને જાગૃતિ આ ત્રણ અવસ્થાનો અનુભવ હોય છે. આ ત્રણ અવસ્થાથી પર તુરીયાવસ્થા છે. તુરીયાવસ્થામાં સચ્ચિદાનંદરૂપ ચૈતન્ય સત્તાની સ્વસંવેદ્ય અનુભૂતિ થાય છે. આ સચ્ચિદાનંદરૂપ સ્થિતિની અનુભૂતિથી ઉપર એક અભાવરૂપ સ્થિતિની અનુભૂતિ છે. આ તુરીયાતીત સ્થિતિ છે. આ અનુભૂતિ વિરલ છે. આ અભાવની, નિરપેક્ષ (Absolute)ની અનુભૂતિ



છે. બુદ્ધ આ અભાવની અનુભૂતિને માટે 'શૂન્ય' શબ્દ પ્રયોજે છે એમ હું સમજું છું. બુદ્ધની પ્રજ્ઞા અને કરુણાના મૂળને સમજવાથી આ વાત સહજ રીતે સમજી શકાશે. આ અનુભૂતિને વ્યક્ત કરી શકાતી નથી. જીવનનું આ પરમ રહસ્ય છે. આનાથી મોટું બીજું કોઇ રહસ્ય નથી.

અભાવ એ અવ્યક્ત અવસ્થા છે. આ અભાવની સ્થિતિમાંથી જયારે ભાવરૂપ સ્થિતિનો આવિર્ભાવ થાય છે ત્યારે પહેલું સ્ફુરણ હું 'સચ્ચિદાનંદ' રૂપ છું એ હોય છે, આ अहम् ब्रह्मास्मि ની સ્થિતિ છે. આ સચ્ચિદાનંદ પરમાત્મામાં વ્યક્ત થવાનો સંકલ્પ ઊઠે છે. આ આદિ સંકલ્પ વિસ્તૃત થતાં અને પરિવર્તન પામતાં પામતાં આ સૃષ્ટિરૂપે પરિણમે છે. આ સંકલ્પ સૃષ્ટિનું નિમિત્ત કારણ પણ છે અને ઉપાદાન કારણ પણ છે. આમ સૃષ્ટિ સંકલ્પાત્મક છે. સૃષ્ટિ એ સંકલ્પરૂપા ચિતિ શકિતના તેજરશ્મિઓનો વિલાસ છે. આ સંકલ્પ પરમાત્માની આદ્ય શકિત છે. પરમાત્મા નિર્વિકારી છે, જયારે પરમાત્માની સંકલ્પારૂપ આદ્ય શકિત વિકારી એટલે કે પરિણામી છે. આ શકિત જડ નહીં, પરંતુ ચિતિ સ્વરૂપ છે. જડ-ચેતન તમામ પદાર્થો સંકલ્પરૂપી આદ્ય ચિતિ શકિતના પરિણામો માત્ર છે. પદાર્થ માત્રનું અંતિમ રૂપ ક્રિયા છે અને ક્રિયાનું મૂળ રૂપ સંકલ્પ છે.

આ રીતે પરમાત્માનું અવતરણ થાય છે અને મનુષ્યે આરોહણ કરવાનું છે. આરોહણ કરતાં કરતાં પોતાના સ્વરૂપની સ્વસંવેદ્ય અનુભૂતિ કરીને પરમાત્માને પામવાનું છે. જે બ્રહ્માંડમાં છે તે માનવ પિંડમાં પણ છે. ભૌતિક, રાસાયણિક, જૈવિક અને માનસિક ક્રિયાઓ મનુષ્યમાં છે. એટલું જ નહીં, ઉચ્ચતર અને ઉચ્ચતમ મનસ સત્ત્વ પણ મનુષ્ય માત્રમાં અવતરિત છે જ. જરૂર છે નિમ્ન

ભૂમિકાઓને પાર કરતાં કરતાં મનસની ઉચ્ચતમ ભૂમિકામાં પ્રવેશીને પછી તેને પણ પાર કરીને સ્વરૂપ સ્થિતિને પામવાની. ઉચ્ચ ભૂમિકાઓના ઉઘાડ માટે પુરૂષાર્થ કરવાનો છે. વિકાસની પ્રક્રિયા પણ ઉચ્ચ ભૂમિકાઓ તરફના પ્રગટીકરણની છે. વાસ્તવમાં પરમાત્માની આ સૃષ્ટિ સુંદર છે. સ-રસ છે. વિશ્વામિત્રવૃત્તિ ધારણ કરીને તેમાં ડખો ન કરીએ અને પરમાત્માનું કામ પરમાત્માને કરવા દઈએ તો પળે પળે મધુરતાનો અનુભવ થાય તેમ છે.

હે પરમ સૌંદર્ય સ્વામી !
તારો જ પ્રેમ રોજ-રોજ આવીને;
શબ્દ-સ્પર્શ-રંગની ભેટ ધરી જાય છે.
તેથી નવા કલરવથી માળો કલ્લોલે છે ! (પૃ. ૫૬)

હે માંગલ્યોના સ્વામી !
તારાં સોનેરી કિરણો સ્વર્ણિમ સ્રગથી,
સૃષ્ટિને શણગારી પ્રભાતી રંગ લાવે છે.
ને અચ્છ-સ્વચ્છ શુભ્રતા વિરાજી રહે છે ! (પૃ. ૫૬)

પરમાત્મા સત્ ચિત્ અને આનંદ રૂપ છે અને પરમાત્માની સંકલ્પાત્મક સૃષ્ટિ સત્યમ્ શિવમ્ સુંદરમ્ છે. જો સૃષ્ટિ અસત્ હોય કે વિવર્ત હોય તો એવા જગતમાં કંઈપણ કરવામાં સાર્થકતા શું ? સૃષ્ટિ અસત્ નથી. વિવર્ત પણ નથી. એ સત્ય છે. પરમાત્માના સંકલ્પનું પરિણામ છે. સૃષ્ટિ સત્ છે એટલું જ નહીં, મંગલમય અને સુંદર પણ છે. આપણાં નાનાં-મોટાં સર્જનોમાં, અભિવ્યક્તિમાં આનંદ મળે છે એ વિરાટ સર્જન, વિરાટ અભિવ્યક્તિ સાથેના સમાન ધર્મને કારણે છે. અધ્યાત્મની જેમ શિક્ષણનો હેતુ પણ મનુષ્યની શ્રેષ્ઠતમ અભિવ્યક્તિ છે સર્જન દ્વારા જ આ શક્ય બની શકે. જ્યારે શિક્ષણમાં સર્જનનો પૂરેપૂરો મહિમા



સ્વીકારવામાં આવશે, ત્યારે જ શિક્ષણનો હેતુ સિદ્ધ થઈ શકશે. આ સૃષ્ટિ મંગલમય છે. સુંદર છે. સૃષ્ટિ સૌંદર્ય દ્વારા પરમાત્મા જ સર્વત્ર ઝળકે છે. જો સૃષ્ટિના વિવિધ રૂપો સાથે સમરસતા સાધી શકાય તો તેમાં માંગલ્ય અને સૌંદર્યનાં દર્શન થશે. આ સંગ્રહના કાવ્યોમાં પરમાત્માના વરદાનરૂપ માંગલ્ય અને સૌંદર્યનું અભિવાદન છે.

પરમાત્મા રસરૂપ છે. અને આ રસ મધુર રસ છે. મધુર રસ જ જીવનનો મૂળભૂત રસ છે. કેટલાકના મતે કરુણ રસ એ જ મૂળ રસ છે. બીજા બધા રસો કરુણ રસના પરિવર્તનો અથવા વિવર્તો છે. પરંતુ મૂળભૂત રસ કરુણ નહીં, પણ મધુર છે. સચ્ચિદાનંદરૂપ સ્થિતિની અનુભૂતિમાં અદ્વૈત હોય છે અને એ મધુરતાની અનુભૂતિ છે. આ મધુરાદ્વૈત આપણી મૂળ સ્થિતિ છે. એટલું જ નહીં પ્રત્યેક અનુભવમાં તલ્લીનતા હોય છે. પ્રગાઢ તલ્લીનતામાં સવિકલ્પ સમાધિની સ્થિતિ હોય છે. એ વખતે મનનો ચરખો શાંત હોય છે અને મનમાં આનંદ વ્યાપી રહે છે. આમ એ પણ મધુરતાનો જ અનુભવ છે. વળી દરેકની અભીપ્સા પણ પોતાના મૂળભૂત મધુર રસને પામવાની હોય છે.

જ્ઞાન, ઈચ્છા, ક્રિયા, વિવિધ - વર્ણકલા,
મૂળભૂત મધુર - અમ્રીત - આતમકલા. (પૃ. ૨૭)

સ્વયંવેદિત ભાવ આતમ તણો જ આ,
વિવિધ ભાવો આ એક જ મધુર-રસતણા (પૃ. ૨૭)

મનુષ્ય અમૃતનું સંતાન છે. એ પાપનું ફરજંદ નથી. મનુષ્યનો ઉદ્ભવ પાપમાંથી થયો છે એવી હીનતાને પોષનારી દૃષ્ટિ, જીવનમાં દુઃખ જ દુઃખ છે એવી દુઃખવાદી દૃષ્ટિ કે જીવનમાં અંતતોગત્વા કરૂણતા જ છે એવી ચિત્ત પ્રસાદને ક્ષીણ કરનારી દૃષ્ટિ એ જીવન વિષેની વાસ્તવિક દૃષ્ટિ નથી. જો એમ જ હોત તો જીવવાની આટલી પ્રબળ ઈચ્છા આપણામાં

હોત જ નહીં. કરુણ સ્થિતિમાંથી બહાર આવવા અને આનંદ તેમજ પ્રેમને પામવા મનુષ્ય હંમેશાં મથતો હોય છે. જીવનનો સ્વભાવ સંકોચ કે કુંઠિત થવાનો નથી. પરંતુ ખીલવાનો, વિકસવાનો છે. જીવન ગતિશીલ છે. વહેતુ રહે છે. મનુષ્ય આ વહેતા ગતિશીલ જીવનમાં વિવિધ હેતુઓથી ગ્રંથિઓ બાંધીને જીવનને કુંઠિત કરી નાખે છે. પરિણામે મનુષ્યના જીવનમાં દુઃખ અને કરુણતા વ્યાપી જાય છે. વહેતા જીવનમાં વહેવાની કળા હજી માનવજાતે સાધ્ય કરી નથી તેનું આ પરિણામ છે.

કેટલાકના મતે શાંત એ જ મૂળ રસ છે અને બીજા રસો શાંત રસના પરિવર્તનો છે. પંરતુ શાંત નહીં, પણ મધુર એ જ મૂળ રસ છે. અનુભવ માત્રમાં તલ્લીનતા હોય છે. આ તલ્લીનતાની સ્થિતિમાં સીધું વેદન છે. તલ્લીનતા હોવાથી ત્યાં દ્વૈત નથી પણ અદ્વૈત છે અને વેદન આનંદનું છે. તેથી જ તો તલ્લીનતાને પરિણામે પ્રસન્નતાનો અનુભવ થાય છે. પરમાત્માના દળરૂપ સૌંદર્યની અનુભૂતિનું મૂળ પણ અહીં જ છે. આમ શાંત નહીં, પણ મધુર એ જ મૂળભૂત રસ છે. રસનો અનુભવ વ્યકત જીવનમાં થાય છે. વ્યકત જીવનનો સ્વભાવ વહેવાનો છે. ગતિશીલતાનો છે. મનુષ્ય માત્ર જીવનમાંથી પ્રેમ અને આનંદ ઝંખે છે. પ્રેમ અને આનંદ એ નિષ્ક્રિય નહીં પરંતુ સક્રિય તત્ત્વો છે. આનંદયુકત પ્રેમની અનુભૂતિ એટલે મધુરતાની અનુભૂતિ. આમ શાંત નહીં, પરંતુ મધુર એ જ મૂળ રસ છે.

પરંતુ જીવનમાં ક્ષણે ક્ષણે દ્વૈત ખડું છે. આ દ્વૈતમાં અદ્વૈતની કળા સાધ્ય કરવાની છે. દ્વૈતમાં અદ્વૈતની અનુભૂતિ શા માટે થઇ શકતી નથી ? કેમકે આડો 'વિચાર ઘાટ' છે. જીવનને આપણે હડસેલીને દૂર કરી શકતા નથી, પરંતુ 'વિચાર ઘાટ' ને જરૂર દૂર કરી શકીએ. જો 'વિચાર ઘાટ'ને દૂર કરી શકીએ તો દ્વૈતમાં પણ મધુરાદ્વૈતની અનુભૂતિ થઇ શકે. આ સંગ્રહના



કાવ્યો આવી મધુરાદ્વૈતની અનુભૂતિમાંથી પ્રસવેલાં છે.

મધુરાદ્વૈતનો અનુભવ એ જ જીવનનું સાધ્ય છે. પરંતુ તેને માટે બધા ઢોંગ, દંભ છોડવા પડે. નિર્દોષ થવું પડે. સરળ બનવું પડે. મુલાયમ થવું પડે. કેળવેલી નહીં, પરંતુ સહજ નમ્રતા હોવી જોઇએ. ધર્મ, અધ્યાત્મ, સાધના અને સેવાના નામે જે કંઇ કરવામાં આવે છે તે ચિત્તની આવી અવસ્થા પ્રાપ્ત કરવા માટે છે. ઘણું બધુ કરવા છતાં ચિત્તની આવી અવસ્થા પ્રાપ્ત ન થતી હોય તો સમજવું કે કંઇક ખોટું થઇ રહ્યું છે. હકીકતમાં આપણે સોક્રેટીસના સમયના એથેન્સની જેમ આયોજિત સાર્વત્રિક દંભના જમાનામાં જીવી રહ્યાં છીએ. योग એટલે ચિત્તવૃત્તિઓનું शमन અને કેવળ जागृति નો આવિર્ભાવ. કોઇપણ અંતર્યાત્રી માટે प्रत्याहार અને जागृति એ યોગનાં અત્યંત મહત્ત્વનાં અંગ છે. ગૃહસ્થ હોય કે સાધુ - સંન્યાસી, સૌને માટે अहम् ના મૂળને શોધવા મથવું તેનાથી મોટું કોઇ तप નથી. તેમ જ વૃત્તિઓના शमन અને जागृति ના આવિર્ભાવથી વધારે કોઇ पवित्रता નથી. આપણી સાધુતા અને સંન્યાસ, સ્થાન પરિવર્તન, વસ્ત્ર પરિવર્તન, નામ પરિવર્તન, મહંતાઇ અને પદવીઓમાં અટવાઇ પડી છે. સાધુતા એટલે હૃદયની સરળતા, નિર્દોષતા તથા નખશિખ સજ્જનતાની મૂર્તિ અને સંન્યાસ એટલે -

સમાધિમાં જીવ ને શિવ ચિદ્રુપ જાણવા.
તે જ સંન્યાસ છે ખરો, અવર મુંડ મૂંડાવેલ જાણવા. (પૃ. ૫૫)

આધ્યાત્મિક સાધના એટલે જીવનનો ઊર્ધ્વ પ્રતિ વિકાસ. વિકાસ સાધતાં સાધતાં જીવનના ઉદ્‌ગમ સુધી પહોંચી જવું એ લક્ષ્ય. માત્ર કેટલાંક જ નહીં, બધાં જ લોકો આના અધિકારી છે. ઊર્ધ્વ પ્રતિનું આરોહણ તદ્દન સરળ નથી એ ખરું, પરંતુ તેમાં ગૂઢતાનું બીનજરૂરી આવરણ ઓઢાડવાની જરૂર નથી. આપણે સાધનાને ચમતકારોમાં ગૂંચવી દીધી છે. વ્યકિત અને

સમષ્ટિનું જીવન જ અદ્‌ભુત ચમત્કાર છે. સમસ્ત જીવન રહસ્યથી ભરેલું છે. જ્યારે કોઇ વ્યકિત કોઇ રહસ્યનું ઉદ્‌ઘાટન કરે છે - પછી તે વૈજ્ઞાનિક હોય કે આધ્યાત્મિક - ત્યારે તેની અભિવ્યકિતને ગૂઢ બનાવીને લોકોને આંજી નાખવાની જરૂર નથી. જેની અભિવ્યકિત વધારે દુર્બોધ તેમ એ વધારે મહાન કે વધારે મૂલ્યવાન એવા ખ્યાલમાં રાચવાની પણ જરૂર નથી. અહીં કહેવાનો મતલબ એટલો જ છે કે જ્યારે આપણે સૌને સહભાગી બનાવવા માગીએ છીએ, ત્યારે જ્યાં સરળ અભિવ્યકિત શકય હોય, ત્યાં કિલષ્ટતાને ટાળવી જોઇએ.

ધર્મ, અધ્યાત્મ અને સાધનાનું કાર્ય ક્રિયાજડતા, વાણીવિલાસ અને શુષ્ક જ્ઞાનમાંથી છોડાવવાનું, જટિલ ચિત્તને સરળ બનાવવાનું, લોકોનો સાધન તરીકે ઉપયોગ કરવાની વૃત્તિમાંથી મુકત કરાવવાનું, મનને જકડી રાખનારા જડતા પોષક ખ્યાલોમાંથી છૂટકારો અપાવવાનુ અને અહમ્‌ને ઓગાળવાનું છે. કેટલીકવાર નિર્બળતા સજ્જનતાનું મહોરું ઓઢી લે છે. દંભ નમ્રતા ધારણ કરી લે છે. પલાયનવૃત્તિ ભ્રાંત વૈરાગ્ય બની જાય છે. મનુષ્ય બન્યા વિના સીધા જ દિવ્ય બની જવાની મહેચ્છા થઇ આવે છે. આ બધી બાબતોથી સાવધ રહેવું જોઇએ. પોતે બીજા કરતાં કંઇક વિશેષ છે એ ખ્યાલમાંથી સાધકે અને સેવકે મુકત થઇ જવું જોઇએ. અહંકાર ઓગળવાને બદલે અહંકાર પુષ્ટ ન થાય તેની કાળજી રાખવી જોઇએ. મનની સ્વસ્થતા અને સરળતાને બદલે વિકૃતિ પેસી ન જાય તે ધ્યાનમાં રાખવું જોઇએ. કોઇ ચોકકસ તત્ત્વજ્ઞાન મનમાં ઠસાવવાથી જ્ઞાની બની જઇએ છીએ એ ભ્રાન્તિમાંથી પણ છૂટી જવું જોઇએ. કેટલાક ઇન્દ્રિયાતીત અનુભવો થવા માત્રથી આત્માનુભૂતિ થઇ ગઇ કે આપણે મહાન થઇ ગયા એવા ખ્યાલમાં રાચવું ઉચિત નથી. તેવી જ રીતે કોઇ ને કોઇ પ્રકારના ઇન્દ્રિયાતીત અનુભવોમાંથી પસાર થયા વિના સીધે સીધું આત્મજ્ઞાન કે આત્માનુભૂતિ થઇ



ગઇ છે એવા ભ્રાન્ત ખ્યાલમાં રાચવું પણ ઉચિત નથી.

સાધનાનું ધ્યેય પાંડિત્ય પ્રાપ્તિ નહીં, પરંતુ જીવન પરિવર્તન છે. આધ્યાત્મિક સાધના ઊર્ધ્વ જીવન તરફ દોરી જતી સતત પ્રક્રિયા છે. એ વ્યવહારથી ભિન્ન નથી. તેનાં પરિણામો વ્યવહારમાં પ્રતિબિંબિત થવાં જોઇએ. આધ્યાત્મ અને વ્યવહાર ભિન્ન નથી તેનું નમૂનારૂપ દ્રષ્ટાંત ગાંધીજીનું જીવન છે. પરંતુ એ યાદ રહે કે પ્રાચીન તેમજ અર્વાચીન કોઇપણ મહાપુરુષનું કે તેમના ગ્રંથોનું અનુકરણ કરવાથી કે તેમના નામની દુહાઇથી સત્યની ઉપલબ્ધિ થવાની નથી. પણ નિર્ભેળ સત્યની શોધ અને અનુભૂતિ માટેની સાધકની પ્રતિબદ્ધતા, હૃદયની આગ અને સ્વયંની જાગૃતિ સત્યની કેડી કંડારી આપશે.

સ્વસ્થ અને ઉન્નત જીવન માટે પોતાની જાત સાથે અને બીજાઓ સાથે સચ્ચાઇ, વ્યવહારમાં પ્રમાણિકતા, કર્તવ્યનિષ્ઠા, ધ્યેય પ્રત્યે વિચારપૂત શ્રધ્ધા, શારીરિક અને માનસિક વ્યાપારો પ્રત્યે જાગૃતિ, ભાવનાની શુદ્ધિ અને વૃદ્ધિ, આહાર-વિહાર-નિદ્રા-શ્રમ અને આરામ અંગે પોતાની પરિસ્થિતિ પ્રમાણે વૈજ્ઞાનિક અભિગમ જરૂરી છે.

કેટલીક બદ્ધ માન્યતાઓથી પણ મુકત થઇ જવું જોઇએ. કોઇ જ્ઞાની, ધર્મ કે તીર્થ સંસ્થાપક, પ્રબુદ્ધ આત્મા, પરમાત્માનો સંદેશ ઝીલનાર અંતિમ નથી. એ હંમેશા પ્રગટ થતા રહ્યા છે અને થતા રહેશે. જ્યાં જ્યાં નિર્મળતા, નિર્દોષતા અને અભીપ્સા છે ત્યાં ત્યાં પરમાત્મા હંમેશાં પ્રગટતા રહે છે. સર્વ દેશ અને કાળમાં તેનું પ્રગટીકરણ થતું રહ્યું છે અને થતું રહેશે. પરમાત્માના દ્વાર કયારેય બંધ થતાં નથી. જરૂર છે તેનું જ્ઞાન થવા માટે, તેને પ્રગટવા માટે કે તેનો સંદેશ ઝીલવા માટે પાત્ર બનવાની. લિંગ, જાતિ, દેશ કે કાળના ભેદ પરમાત્માએ

રાખ્યા નથી. આપણે ચિત્તરૂપી 'ચદરિયા' પર અનુભવોના પુટ ચડાવતા જઇએ છીએ. અનુભવોના આ પુટથી પરમાત્મારૂપી સત્ય ઢંકાય જાય છે. અનુભવોના પુટથી ચિત્તરૂપી 'ચદરિયા'ને મુકત કરી શકીએ તો એ સ્વચ્છ 'ચદરિયા' પરમાત્માને પામવાનું દ્વાર બની જાય. અનુભવનું ઓગળવું એ જ ખરો ત્યાગ છે. બાકી બધી અનુકૂળ વ્યવસ્થાઓ છે. અનુભવ વિસર્જિત થાય તો એ વિશુદ્ધ ચિત્તરૂપિ 'ચદરિયા'માં પરમાત્મા પ્રતિબિંબિત થાય અને માધુર્ય ઝળકે. જુઓ -

ના દ્વૈત બાકી,
અનુભવ ઓગળ્યો,
માધુર્ય લસ્યું. (પૃ. ૮૪)

અનુભવોથી લદાયેલી બુદ્ધિ પ્રજ્ઞાને પ્રગટવા દેતી નથી. અનુભવોથી મુકત બુદ્ધિ એ પ્રજ્ઞા છે. આ પ્રજ્ઞા નિર્વાણ (મુકિત) તરફ દોરી જાય છે. નિર્વાણ શું છે ? સ્થૂળ કે સૂક્ષ્મ શરીર વહન કરવાનો હેતુ ન રહે ત્યારે જે સ્થિતિ થાય એ નિર્વાણ (મુકિત) છે. પરંતુ આત્યંતિક સુખ કે આનંદમાં ડૂબેલા રહેવાના હેતુથી વ્યકિતત્વ અને અસ્તિત્વ છોડવાનું દુષ્કર લાગે છે. આપણું સ્વરૂપ સચ્ચિદાનંદરૂપ હોય તો પછી આંત્યતિક સુખ અને આનંદના ભોગવટા માટે વિવિધ ધામો અને સિદ્ધશિલાઓ પર ચિરકાળ માટે વસવાનો ભાવ ધારણ કરવાનું પ્રયોજન શું ?

વિરાગ કે વીતરાગ અવસ્થા ભાવશૂન્ય અવસ્થા નથી. એ તો શુદ્ધ ભાવપૂર્ણ અવસ્થા છે.

પૂર્ણ પ્રેમ એ જ વિરાગ (પૃ. ૧૮)

પ્રેમ એટલે હેતુરહિત ભાવ. પૂર્ણ આત્મપ્રેમ કે પૂર્ણ પરમાત્મપ્રેમ વિના પૂર્ણ વીતરાગ કે વિરાગ અવસ્થા થવી શકય નથી. વૃત્તિ જગતાનાં સુખો કે આનંદોમાંથી ઊખડી જાય અને



આત્માનંદ કે પરમાત્માનંદમાં વૃત્તિ ઠરે નહીં, તો એ મનની વિક્ષિપ્ત દશામાં પરિણમે. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.' વૈરાગ્ય વિના ત્યાગ ટકતો નથી એમ કહેવામાં આવે છે. પરંતુ વૈરાગ્ય શાના આધારે ટકે ? વૈરાગ્ય આત્મપ્રેમ કે પરમાત્મપ્રેમના આધારે ટકે છે. આત્મપ્રેમ કે પરમાત્મપ્રેમ વિના વૈરાગ્ય પણ ટકતો નથી. જેટલા પ્રમાણમાં આત્મા કે પરમાત્મા પ્રત્યે પ્રેમ વધતો જાય તેટલા પ્રમાણમાં સહજ રીતે વૈરાગ્ય ફલિત થાય છે. તેને માટે ઉટપટાંગ ઉપાયો કરવા પડતા નથી. આત્મા કે પરમાત્મા માટે પૂર્ણ પ્રેમ થઇ જાય તો પૂર્ણ વિરાગ કે વીતરાગ અવસ્થા થઇ જાય. પૂર્ણ પ્રેમ એક બાજુથી વીતરાગ કે વિરાગ અવસ્થામાં પરિણમે છે તો બીજી બાજુથી સર્વ-સ્પર્શી, સર્વ-આશ્લેષી બની રહે છે.

આ કાવ્ય સંગ્રહમાં આત્મલક્ષી અને વસ્તુલક્ષી એમ બંને પ્રકારનાં કાવ્યો છે. ચોટદાર હાયકુ છે. સુંદર શબ્દચિત્રો, ઉપમા અને રૂપકો છે. તેમાં રામ અને રહીમ છે. કૃષ્ણ અને તેની વાંસળી છે. બુદ્ધ અને શિવ છે. ઈશુ અને ઇદ છે. રાધા અને મીરાં છે. સાબર, ભાગીરથી અને ઢેબી જેવી લોકમાતાઓ છે. આંગણની ફૂલવારી છે તો રણવગડાનાં ફૂલ છે. વાડનો થોર છે અને દેવદાસીનું નૂપુર છે. ભ્રષ્ટાચાર અને નેતાઓના સત્તાના તોર અને દોરદમામ પ્રત્યે આક્રોશ છે. પ્રકૃતિ સાથે તાદાત્મ્ય, મનુષ્યની ગરિમા અને સાધના માટેની ગુરુચાવી છે. એમાં નિર્ગ્રંથપણે વહેતા વિશુદ્ધ પ્રેમનો ધબકાર છે. જીવનનો પૂરેપૂરો સ્વીકાર છે. સગુણ અને નિર્ગુણ, પ્રવૃત્તિ અને નિવૃત્તિની સમાન ભાવે સ્વીકૃતિ છે. જ્ઞાન, કર્મ અને ભકિતનો સમન્વય છે. માનવ સહિત સમસ્ત સૃષ્ટિ સાથે આત્મૌપમ્ય ભાવ છે. તેનો મુખ્ય સૂર નિજાનંદની મસ્તી અને પરમાત્મપ્રેમ છે અને તેમાંથી ઝરણાંની જેમ ફૂટેલાં આ કાવ્યો છે.

પ્રેમઋચાનું ઝરણ ફૂટ્યું,
નવજાત શિશુની જેમ. (પૃ. ૫૯)

કવનના જેવું જીવન હોવું દુર્લભ છે. ભગવતી પૂર્ણાબહેનનું જીવન તેમના કવનની જેમ ઝરણાનાં નીર જેવું નિર્મળ છે. તેમના આ કાવ્ય સંગ્રહને બિરદાવતાં મને અત્યંત આનંદ થાય છે.

અમારું એક ધ્યેય છે તેથી કેટલીક બાબતોનો અહીં ઉલ્લેખ કરવાનું જરૂરી સમજું છું. મારા પૂજ્ય માતાપિતા, પત્ની અને બાળકોએ અગવડો વેઠીને મને સાધનામાં અનુકૂળતા કરી આપી તે માટે તેમનો હું ઋણી છું. સાધનામાં જેમની પ્રેરણા અને માર્ગદર્શન મને મળતાં રહેલાં એ મારા હિતચિંતક બ્રહ્મલીન યોગી શ્રી માલદેભાઈ મેર, આત્માનુભૂતિ માટે જેમના અગાધ પ્રેમ અને આશીર્વાદ મળેલાં અને જેમની દ્રષ્ટિ માત્રથી મારી અ-મનની સ્થિતિ થયેલી એવા પ્રેમસ્વરૂપ બ્રહ્મલીન મહાન સંત શ્રી યોગીજી મહારાજ તેમજ જેમનાં લોકોત્તર પ્રેમ અને પ્રેરણાં મળ્યાં છે અને મારે માટે ખૂબ કષ્ઠ વેઠયું છે એવાં પ્રેમસ્વરૂપા ભગવતી પૂર્ણાબહેન - આ ત્રણેય શ્રદ્ધેય મરમીઓના ઋણનો સ્વીકાર કરતાં હું ધન્યતા અનુભવું છું. અંધા ! 'તું એ જ છે' તત્ત્વમસિનો બોધ કરાવી સાધનાની કેડીએ દોરીને, મને સગુણ તેમજ નિર્ગુણ બ્રહ્મની અનુભૂતિએ પહોંચાડયો, મને દ્રષ્ટિનાં દાન દીધાં અને મારા પ્યાલાને પ્રેમથી છલોછલ ભરી દીધો એવા મારા પરમ પૂજ્ય ગુરુદેવ બ્રહ્મલીન અવધૂત પરમ સંત શ્રી વિષ્ણુપ્રસાદ મહારાજશ્રીનો ઉપકાર કયા શબ્દોમાં વર્ણવું ? એમનો ઉપકાર વ્યકત કરવા માટે શબ્દો ઓછા પડે અને ભાષા ટૂંકી પડે, મારા ગુરુદેવ અને પરમાત્મામાં મને કોઇ ભેદ દેખાયો નથી અને શબ્દો સરી પડે છે -

ગુરુ ગોવિંદ એક હી હૈ.
બલિહારી ગુરુદેવ આપકી
સ્વરૂપ દીયો બતાઇ.

આવી પરમ વિભૂતિએ ભગવતી પૂર્ણાબહેનને મળ્યા -



જોયા વિના તેના આંતર સત્ત્વ અને ભગવદ્ સ્થિતિ વિષે મને નિર્દેશ આપ્યો અને તેની સંભાળ લેવાની આજ્ઞા આપી ત્યારે હું આશ્ચર્યમુગ્ધ બની ગયો હતો. તેમની આજ્ઞાનુસાર અમે જે ધ્યાન, ભજન, સત્સંગ કર્યાં તેના ફળસ્વરૂપે મધુરાદ્વૈત દર્શનનો આવિષ્કાર થયો.

જેમ આપણે ગરીબીનાં કારણો ઊભાં કરીએ છીએ અને પછી ગરીબી દૂર કરવાના ઉપાયો યોજીએ છીએ. પરંતુ ગરીબીનાં કારણો ચાલુ રાખીને ગરીબી દૂર થઇ શકતી નથી. તેવી જ રીતે આપણે વ્યકિતગત અને સામૂહિક અશાંતિનાં બીજ રોપીએ છીએ અને પછી શાંતિ મેળવવા માટે ફાંફાં મારીએ છીએ અને કંઇક ઉધામા કરીએ છીએ. પરંતુ અશાંતિનાં બીજ ચાલુ રાખીને શાંતિ મળી શકતી નથી. સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તનો જરૂરી છે અને કોઇ ઇચ્છે કે ન ઇચ્છે તો પણ એ પરિવર્તનો થતાં જ રહેશે. પરંતુ આંતરિક પરિવર્તન વિના કેવળ બાહ્ય પરિવર્તનથી આપણે સુખશાંતિ પામી શકવાના નથી. આપણે બાહ્ય પર્યાવરણની ચિંતા કરીએ છીએ એ ઘણી સારી વાત છે. પરંતુ મનુષ્યનું ચિત્ત જે વિષથી કલુષિત થઇ રહ્યું છે તેની સવિશેષ ચિંતા કરવાની જરૂર છે. આવું એક કાતિલ વિષ છે સ્પર્ધા. જયાં સુધી મનુષ્યનું ચિત્ત સ્પર્ધામુકત નહીં થાય ત્યાં સુધી વ્યકિતગત કે સામૂહિક સુખશાંતિ શકય નથી. હવે પછીની આધ્યાત્મિક ક્રાંતિ સ્પર્ધામુકત ચિત્ત, સ્પર્ધામુકત જીવન, સ્પર્ધામુકત સમાજ અને સ્પર્ધામુકત માનવજાતનું નિર્માણ કરવાની છે. માનવ જીવનના તમામ ક્ષેત્રોમાં સ્પર્ધા વ્યાપેલી છે ત્યારે આ સામા પૂરે તરવા જેવું કઠિન કાર્ય છે. પરંતુ -

સામા પૂરે તરવાની શી મજા !
ઝૂઝવાની ન લાગે કોઇ સજા ! (પૃ. ૬૫)

આ સ્પર્ધામુકત જીવનદ્રષ્ટિ ઉપર વિચાર કરતાં જેને એમાં તથ્ય લાગે તે પોતાના જીવનમાં આ જીવનદ્રષ્ટિને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરે. જે જયાં છે ત્યાં અને જે કર્તવ્ય બજાવે છે તેમાં આનો અમલ કરે. ઘણાં ક્ષેત્રોમાં આ દ્રષ્ટિને અમલમાં મૂકવાનું હાલ તુરંત અશકય લાગે. પરંતુ કેટલાંક એવાં પણ ક્ષેત્રો છે જેમાં આ દ્રષ્ટિને અમલમાં મૂકવાનું કદાચ મુશ્કેલ લાગે, પણ અશકય નથી. કાર્ય માટેની પ્રેરણાના સ્પર્ધા સિવાયના બીજા ઉપાયો પણ મળી રહેશે. જો આ વિચાર સ્વીકાર્ય બનશે, તો તેને અમલમાં મૂકવા માટેના માર્ગો પણ મળી રહેશે. આ સંગ્રહના કાવ્યોમાં મધુરાદ્વૈતની અનુભૂતિમાંથી ઊતરી આવેલી મસ્તી છે. મધુરાદ્વૈતી મસ્તીની અભિલાષા કોને ન હોય ? એ અભિલાષાને સિદ્ધ કરવા માટે સ્પર્ધામુકત જીવનનું આ અભિયાન છે.

છોને પાગલપન કહે આ 'ઉડાન' ને લોકો ;
નવું અભિયાન છે, મશગુલ થૈ મહાલ્યા કરીએ. (પૃ. ૬૦)

મહત્ત્વાકાંક્ષા વિકાસનો પાયો છે અને 'ઇચ્છા એ સર્વ રોગનો રોગ છે.' આ બંને વિરોધાભાસી તથ્યોને યોગ્ય રીતે સમજી લેવાં જરૂરી છે. મહત્ત્વાકાંક્ષા સમ્યક્ હોવી જોઇએ. બીજાને ધક્કો મારીને કે દૂર હડસેલીને પોતાની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવી એ રુગ્ણ મહત્ત્વાકાંક્ષા છે. જયારે પોતામાં બીજરૂપે રહેલા આંતર સત્ત્વને ખીલવવું એ સમ્યક્ મહત્ત્વાકાંક્ષા છે અને એ જ ઇચ્છનીય છે. મહત્ત્વાકાંક્ષા વિકાસ માટે પ્રેરણા પૂરી પાડશે. સમ્યક્ પુરુષાર્થ મહત્ત્વાકાંક્ષાની સિદ્ધિ તરફ દોરી જશે. પરંતુ તેમાં અવારનવાર આઘાત-પ્રત્યાઘાતો પણ ઊઠશે. વળી બધી મહત્ત્વાકાંક્ષા સિદ્ધ થતી નથી. એવી પરિસ્થિતિમાં હતાશાથી બચવા અને મનનાં શાંતિ, સ્વસ્થતા અને સમાધાન માટે 'ઇચ્છા એ સર્વ રોગનો રોગ છે.' એ તથ્યને સ્વીકારવાનું અપરિહાર્ય છે. આમ વિવેકશીલ છતાં નિરામય જીવન માટે મહત્ત્વાકાંક્ષા અને 'ઇચ્છા એ સર્વ રોગનો રોગ છે.' એ



વિરોધાભાસી તથ્યોનો સુમેળ સાધવો જરૂરી છે. આ બંને તથ્યોને ધ્યાનમાં રાખીને જે કોઇ જે સ્થાને છે તે સ્થાનને અનુરૂપ તનું જે કર્તવ્ય હોય તે કર્તવ્ય બજાવતાં સ્પર્ધામુકત જીવનદ્રષ્ટિને અમલમાં મૂકવાનો પુરુષાર્થ કરે. પુરુષાર્થ આપણો, પરિણામ પરમાત્માને હાથ.

૨૬ જાન્યુઆરી, ૧૯૯૮ કે. જે. સાવલા

૨, હુન્નરશાળા
નવી જેલ સામે
જામનગર – ૩૬૧ ૦૦૫
☎ ૬૭૪૨૯૮

ઋતેશ્વરીના આતમ દ્વારેથી

પરમપિતા મધુરાધિપતિની આ મધુર સૃષ્ટિ એક મહાકાવ્ય છે. સૃષ્ટિરૂપી મહાકાવ્યનું સર્જન મધુરભાવના સ્પંદનથી જ થયું છે. સમગ્ર સૃષ્ટિ ભાવાત્મક છે. શબ્દ, સૂર, સંગીત, કલા આદિ તો મધુરભાવને વ્યકત થવાના સાધન માત્ર છે. આ ભાવ રસમય અને પરમ આનંદમય છે. એટલે જ તેને રસો વૈ સ:। એ (બ્રહ્મ) રસરૂપ છે એમ કહે છે.

હૃદયમાધુરીની ગંગોત્રીમાંથી સ્ફુટ થતી રચનાઓ સૃષ્ટિકર્તા સાથેના તાદાત્મ્યનું પ્રગટીકરણ છે. તે જ આર્ષદર્શનની ઉદ્‌ગીતિ છે. તેમાં અનાહત નાદનો રણકાર છે. આવી ઉદ્‌ગીતિમાં પરમ પ્રીતમ સાથેના મિલનમાં રાગીનો પ્રભુ પ્રત્યેનો પૂર્ણ રસભરપૂર પરમ રાગ છે, જે વહેતો વહેતો વિશ્વમાં વ્યાપી રહે છે અને વિરાગીનો વિશેષ રાગથી પ્રશાંતપણે પૂર્ણ પરમ પ્રેમથી વિશ્વને સ્પર્શી રહે છે. પૂર્ણ રાગ અને પૂર્ણ વિરાગ પવિત્ર પ્રેમનું ચરમ બિંદુ છે. એક સિક્કાની બે બાજુ છે. સાકાર-નિરાકાર ઉપાસનાનું નિરપેક્ષ ફળ છે. તેથી જ -

''પૂર્ણ પ્રેમ એ જ તો પરમ વૈરાગ્ય છે.''

આમ તો હું રૂઢિચુસ્ત સમાજ અને પરિવારમાં જન્મી અને ઊછરી છું અને ઘણા સંઘર્ષોમાંથી પસાર થઇ છું. શું નિમિત્તો હશે ! કે પ્રેરણા હશે ! કે કોઇ અગમ્ય સ્પર્શ હશે ! એ હું સ્પષ્ટ પણે કહી શકતી નથી. પરંતુ પાંચ-છ વર્ષની મારી કુમળી વયે અદ્‌ભૂત સંવેદનાઓ અને ઊર્મિઓ અનુભવતી હતી. વિવિધ આકારો આકાશમાંથી ઊતરતા અનુભવતી. કયારેક તેજનું ચક્ર ! કયારેક અતિ દેદિપ્યમાન અશ્વારોહી ! તો કયારેક દેવી-દેવતા ઝળહળતાં હોય ! તો વળી કયારેક સ્વપ્નમાં સાધુઓની જમાત વચ્ચે હું બેઠી હોઉં ! કયારેક વાર્તાલાપ સંભળાય, પણ ગમ પડતી નહીં !



આવાં દ્રશ્યો નજર સમક્ષ તરવરતાં એટલે આશ્ચર્યથી અવાક થઇ રોમાંચ સાથે ચૂપ બેસી રહેતી. તો કયારેક ભય સાતે ધ્રુજતી ભગવાનનું નામ સ્મરણ કરતી કરતી ઊંડે ઊતરી જઇને ઊંઘી જતી. આવા વિચિત્ર અનુભવોને લીધે જગતના લોકોથી અંતરમાં જુદું અનુભવતી.

એક વખત મારા પૂ. પિતાશ્રીએ કહેલું કે એક કરોડ ગાયત્રી મંત્ર એકાગ્ર ચિત્તથી જપે તેને વાચાસિદ્ધિ મળે. તે સમયથી હું એકાગ્ર ચિત્તથી ગાયત્રી મંત્ર કરતી હતી અને ભગવાન મળી જાય તો બધું મળી જાય તેવી દ્રઢ શ્રદ્ધા સાથે મારો આ છાનોમાનો નિત્યક્રમ બની ગયો હતો !

આવી મનસ્થિતિ સાથે અભ્યાસ કરતી. મારા પૂ. પિતાશ્રી ખાંભા નોકરી કરતા. ખાંભાથી કોડીનાર, અમરેલી અને પછી રાણાવાવ બદલી થઇ. તે સમયે હું આઠમા ધોરણમાં અભ્યાસ કરતી હતી. રાણાવાવની સ્કૂલમાં એક દિવસ સમૂહ કવાયત વખતે મને કતારમાં સૌથી આગળ આવવા મારા શિક્ષકે જણાવ્યું અને હું આગળ આવીને ઊભી રહી. થોડી જ ક્ષણોમાં એક અપૂર્વ પ્રકાશમય ગોળો આવ્યો અને મારામાં પ્રવેશી ગયો. હું થરકી ઊઠી અને આશ્ચર્યથી અનિમેષ જોઇ રહી. થોડી જ વારમાં તો પડી ગઇ ! સ્કૂલ સામે જ હોસ્પિટલ. મને ઊંચકીને હોસ્પિટલમા લઇ જવામાં આવી. બેભાન થઇ ગઇ છું એમ માની ડોકટરે મને એમોનિયા સૂંઘાડયો, પણ આ બધી હિલચાલ નિશ્ચેષ્ટ પડેલી હું જોતી હતી.

આઠમા ધોરણમાં થયેલો આ અનુભવ અવારનવાર થતો. મને આ શું થાય છે અને તેને આનુષંગિક અનેક પ્રશ્નો ઊઠતા. પ્રશ્નોનુ સમાધાન શોધવા મથતી, પરંતુ પ્રશ્નો અણઉકેલ્યાં રહેતાં. આવી મનસ્થિતિને કારણે ગૂગળામણ રહેતી. આમ એસ. એસ. સી. પાસ થઇ. 'છોકરીને વધારે ન ભણાવાય'

એવી માન્યતાનો વિરોધ કરી કોલેજમાં દાખલ થઇ. પુસ્તકાલયમાંથી પુસ્તકો મેળવી પ્રશ્નોના ઉકેલ શોધતી. મનમાં થયું કે પ્રોફેસરો મહાજ્ઞાની હોય છે તેથી તેમની પાસેથી પ્રશ્નોના જવાબો મળશે જ! પરંતુ કયાંયથી પ્રશ્નોના ઉકેલ મળતા નહીં, તેથી ઘરે આવી છાનીમાની ખૂબ રડતી. મારી ઉપર્યુકત સ્થિતિને કારણે ઘરના લોકો કહેવા લાગ્યા કે મને કોઇકે કાંઇક કરી મૂક્યું છે. ભૂત વળગ્યું છે. વાઇ આવે છે. જિંદગી કેમ કાઢશે ? વગેરે. આવી પરિસ્થિતિમાં પ્રિલિમિનરીની પરીક્ષા પાસ કર્યા પછી એક સમયે ભગવાન ! મને આ શું થઇ રહ્યું છે એમ કહી ખૂબ આક્રંદ કરી ઊઠી ! અને પછી કોઇક અગમ્ય-અકથ્ય સ્થિતિમાં કલાકો પડી રહી અને જાગી ત્યારે મારું પ્રથમ કાવ્ય સરી પડયું.

પ્રભો ! કેવી છે આ તવ રચિત માયા જગ સૃષ્ટિ !

મારું ભૂત કાઢવાના પ્રયત્નો થયા ! જયોતિષીઓ અને વિદ્વાનોને મારી જન્મકુંડળી બતાવવામાં આવતી ! સંતો-મહંતો પાસે લઇ જવામાં આવતી ! તેમના પ્રશ્નોના સચોટ અને બળકટ ઉત્તરો આપતી એટલે 'આ છોકરી બહુ બોલે છે. મોટા માણસો જોડે નાને મોઢે મોટી વાત કરે છે.' આમ કહી વિદ્વાનો, સાધુસંતો, યોગીઓ વગેરેને મળવા પર પ્રતિબંધ મુકાય ગયો ! મારે માટે ભાવી કથનો થતાં. જયોતિષીઓને પડકારતી. કર્મ અને પરમાત્મા સિવાય કોઇને માનતી નહીં, તેથી છકેલી ગણાતી.

ઉપર્યુકત સ્થિતિમાં ઘરકામ અને અભ્યાસ કરતી. મૂંઝવણનો પાર નહીં. એમાં એક દિવસ અમારા સંસ્કૃતના પ્રો. વિનુભાઇ પંડયાને સંકોચ સાથે મારી અનુભૂતિની થોડીક વાતો કરી. તેમણે મને શ્રી રામકૃષ્ણ પરમહંસનું જીવન વાંચવા સૂચવ્યું. મેં હોંશથી મેળવી વાંચ્યું. અનુભૂતિની



ઘણી સમાનતા હોવાથી અતિ શ્રદ્ધાપૂર્વક વાંચવા લાગી. ઘણાં પ્રશ્નોનું સમાધાન થવા લાગ્યું. જેમ જેમ વંચાતું જાય તેમ તેમ હર્ષાશ્રુ વહેતાં જાય ! મારાં પૂ. માતુશ્રી આ દ્રશ્ય જોઇ જાય એટલે 'ગાંડી થઇ ગઇ છે કે શું ?' એમ કહેતાં. પરણાવવા માટેની ઝુંબેશ ઘરમાં શરૂ થઇ. મેં શકય તેટલો વિરોધ કર્યો. પરમતત્ત્વને પ્રાર્થના કરી કે મને બી. એ. થયા પછી નોકરી મળી જાય તો આ બધાંથી છૂટું ! અને ખરેખર પ્રાર્થના ફળી. બી. એ. પાસ થઇ કે તરત મ્યુનિ. ગર્લ્સ હાઇસ્કૂલ, અમરેલીમાં શિક્ષિકા તરીકે નોકરી મળી ગઇ. ઘણી પ્રાર્થનાઓ ફળતી તેથી બળ મળતું. પરમાત્માની કૃપા થઇ છે તેની અંતરના ઊંડાણથી ખાતરી થઇ. એક મસ્તી ઊભરી આવી અને કાવ્યો સરવા લાગ્યાં. ઊંઘમાં, કામ કરતાં, રસ્તે ચાલતાં, સ્કૂલમાં કાવ્યો સ્ફુરે. મરજી મુજબનાં સર્જનો નહીં, પણ કોઇ સંપ્રજ્ઞાન જ આવું કરાવે છે તેમ થતું. કેટલાંક કાવ્યો તો લખ્યા વિના વિલીન થયાં છે.

સંતોને મળતી. તેમને મારી વિલક્ષણ અનુભૂતિની વાતો કહી સંભળાવતી. આ બધું સાંભળીને મને તેમની શિષ્યા બનાવવાનો આગ્રહ કરતા. પરંતુ હું મક્કમપણે જવાબ આપતી કે આપ મારા પ્રશ્નોનું યોગ્ય સમાધાન નથી આપી શકતા તો તમારી શિષ્યા બનીને શું કરું ? બસ, આવી સ્થિતિમાં જ દિવ્ય અને ભવ્ય મસ્તીનો ઝરો ફૂટયો. અનુભૂતિને કાવ્યોમાં વ્યકત કરતી. પરંતુ અધૂરું રહેતું. કોઇ મારી વાણીને વ્યકત થતાં અટકાવી દે છે એમ લાગતું ! અદ્ભુત સંવાદો સંભળાય અને મારું સમાધાન થાય. તેથી પરમ તત્ત્વ પ્રત્યે દ્રઢ શ્રદ્ધા, આત્યંતિક રાગ તેમજ પૂર્ણ સમર્પણ ભાવ જાગ્યાં. પરમ તત્ત્વમાં પ્રલીન થવાનો વિરહ જાગ્યો અને આત્મ સાક્ષાત્કાર શું છે ? નિરપેક્ષ સમાધિ એટલે શું ? અંતિમ અનુભૂતિ કોને કહેવાય ?

આ પ્રશ્ન દ્રઢ બન્યો. સાથે જ મને જેવું થાય છે તેવું બીજાને કેમ થતું નથી ? આવો પ્રશ્ન પણ વારંવાર ઊઠયા કરતો.

મારી આવી સ્થિતિમાં બેંગલોરથી એક માતાજી અમરેલી આવેલાં. તેમને મળવાનું થયું. તેઓ મારા તરફ આકર્ષાયાં અને મેને બેંગલોર લઇ ગયાં તેમની પાસે અઢળક સંપત્તિ. તેમણે મને કહ્યું કે 'તારી આધ્યાત્મિક શકિત અને મારી સંપત્તિ'નો સંસ્થા સ્થાપી સદ્દુપયોગ કરીએ. મેં હા પાડી. પરંતુ તેઓનો એક આગ્રહ રહ્યો કે મારે તેમને સદ્દગુરુ સ્થાને સ્થાપવા ! બસ, આ અસત્ય વાત સ્વીકારવાનો મેં ઇન્કાર કર્યો અને અમે છૂટાં પડયાં.

પછી થોડા જ દિવસોમાં મારા પ. પૂ. ગુરુદેવ શ્રી ગંગાધરપ્રકાશજીનો અમરેલીમાં ભેટો થયો. તેમને અવારનવાર મળતી અને મારી અનુભૂતિની વાતો કરતી. તેઓ મારી આ ચૈતસિક સ્થિતિને સમજી અત્યંત ખુશ થયા અને મને પોતાની સાથે ત્રણ દિવસ ધ્યાનમાં બેસાડી ! અદ્દભુત ચમત્કાર થયો હોય તેમ મારા પ્રશ્નોનું સમાધાન થઇ ગયું અને મારી વાણી ખુલી ગઇ ! આધ્યાત્મિક પ્રશ્નોના જવાબો શાસ્ત્રોકત પ્રમાણ મુજબ મારી વાણીમા પ્રગટવા લાગ્યા. તેથી સમજાયું કે વાંચીને મનમાં ભરવાની જરૂર નથી. વાંચવા જેવું મન જ છે. તેને મારી અનુભૂતિ સમર્થન આપે છે. પૂર્ણ સમાધાન થયું. ગૂંગાળામણ દૂર થઇ. પરમાત્મા સાથેની આછી આછી જુદાઇ રહેતી તે ઓગળી ગઇ !

મારી ઇશ્વરોની અન્વેષણાઓ
ઓગળી ગઇ હિમશિલા જેમ
હું અને તું 'સત્ ચિત્'ના સૂત્રમાં પરોવાઇ ગયાં
પછી તો .....



આપણી જુદાઇ પ્રચ્છન્ન થઇ !
ખુદાઇ અવિચ્છિન્ન થઇ !
હવે સર્વત્ર કણ કણમાં 'હું' અને 'હું' જ છું.(પૃ.૮૨)

પરમાત્માના અતીવ મધુર કોમળ સ્પર્શે મને પોતાની બનાવી લીધી ! પ્રેમસ્વરૂપ પરમાત્મામાં ઓગળી ગઇ અને મારી શ્વાસોની સંહિતાએ ગીત ગાયા કર્યું અને –

પ્રેમઋચાનું ઝરણ ફૂટયું,
નવજાત શિશુની જેમ.

પરાવાણીથી મસ્તી ઊતરી,
મઘમઘી રહી જાણે કો કસ્તૂરી !

ઝૂમતાં ચાલ્યાં છે ચરણાં,
ના રહ્યાં દુન્યવી કોઇ ભરણાં ! (પૃ.૫૯)

આવી મારી આત્મલક્ષી ચૈતસિક સ્થિતિ. પરમ મસ્તીનો સાગર. તેમા ડૂબેલી ડૂબેલી રહુ. મારી આવી સ્થિતિમાંથી પ્રગટ થયેલાં કાવ્યો છે. એ છંદોબદ્ધ છે, અછાંદાસ છે, ભકિતમય, ચિંતનમય કે જ્ઞાનમય છે તે હું નથી જાણતી. બસ, બચપણથી થતી ગૂંગળામણ, પરમાત્મા માટેની અકથ્ય વિરહ-વેદના, દિવ્ય અનુભૂતિઓ અને અંતરમાં થતાં અદ્દભુત પરિવર્તનની ભૂમિકામાંથી વહેતાં નાનાં નાનાં કાવ્ય ઝરણાં છે. કાવ્ય તત્ત્વ વિશે મારું અજ્ઞાન સંપૂર્ણ છે અને કાવ્ય સર્જનના લક્ષ્ય સાથેનો આયાસ નથી એમ હું પ્રામાણિકપણે કહીશ.

મારે ત્યા આવતા જિજ્ઞાસુઓ અને સત્સંગીઓ કાવ્યો છપાવવા માટે આગ્રહ કરતા, પરંતુ કોઇ યોગ થતો નહીં. અધુના સને ૧૯૭૫થી મારા વિદ્યાગુરુ પૂ. શ્રી કે. જે. સાવલા સાહેબ

તથા તેમના વંદનીય પિતાશ્રી મારા પ. પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં સત્સંગાર્થે આવતા. તે સમયે તત્ત્વજ્ઞાનના ગંભીર પ્રશ્નોની છણાવટ અને આધ્યાત્મિક અનુભવોની આપલે થતી. તેઓશ્રી રજાઓમાં તેમના પૂજ્યપાદ ગુરુદેવશ્રી વિષ્ણુપ્રસાદજી મહારાજશ્રીના સત્સંગ માટે જામનગર અચૂક જતા. અનન્ય સમર્પણ ભાવથી તેમનો સત્સંગ કરતા. તેમના પ. પૂ. ગુરુદેવશ્રીએ તેમને કેટલીક આજ્ઞાઓ આપેલી. તેમાંની એક આજ્ઞા ૧૯૮૪ની સાલના એક વેકેશનમાં આપી કે 'એ છોકરીના આંતર સત્ત્વ અને ભગવદ્ સ્થિતિને સમજીને સાચવજે.' પૂ. સર સાનંદાશ્ચર્યથી જોતા રહ્યા ! તેઓશ્રી અમરેલી આવ્યા ત્યારે બનેલી આ ઘટના સાદ્યન્ત કહી બતાવી. સાંભળીને મને પણ ખૂબજ આશ્ચર્ય થયું કે અમે બંને પરસ્પર ઓળખતા નથી, જોયા પણ નથી; પૂ. સરે મારા વિશે એક હરફ પણ કહ્યો નથી, તો આ કેવી અલૌકિકતા !! હું તેઓશ્રીના દર્શન કરવા ઉત્સુક બની અને પૂ. સરે તેમના પૂજ્યપાદ ગુરુદેવશ્રીના દર્શનનો લાભ અપાવ્યો. કેવું અંતર્યામીપણું ! કેવી અદ્‌ભુત અવધૂતી મસ્તી ! પ્રથમ મુલાકાતે જ અવર્ણનીય અનુભૂતિ થઇ ! કશી જ વાતચીત વિના, જાણે જન્મોનો પરિચય હોય તેવો અનન્ય પૂજ્યભાવ અનુભવ્યો ! ત્યારપછી જયારે તીવ્ર ઈચ્છા થઇ આવતી, ત્યારે પૂજ્યશ્રીના દર્શને જતી. પાંચેક વખત જવાનું થયું હશે. પછીથી તેઓશ્રી બ્રહ્મલીન થયા.

પૂજ્યશ્રીએ મારા ગુરુવર્ય પૂ. શ્રી સાવલા સાહેબને મારા માટે આપેલી આજ્ઞા તેઓશ્રી આજ સુધી ખૂબ જ નિષ્ઠાપૂર્વક પાળતા આવ્યા છે. મારાં નાના-મોટા તમામ કાર્યોમાં તેઓશ્રીનો સહકાર મને હંમેશા અચૂક મળતો રહ્યો છે. મારા નિવાસ સ્થાન 'ઋતેશ્વરી'માં થતા ધ્યાન, ભજન, સત્સંગમાં પૂ. સાવલા સાહેબના પત્ની શ્રી વિજયાબહેન



પણ પ્રસંગોપાત્ત આવતા. તેમનાં બંને બાળકો સાહિત્ય, સંગીત વગેરે શીખવા આવતાં. તેમના કુટુંબ સાથે હું મન-હૃદયથી ઓતપ્રોત થઇ ગઇ. તેમના સમગ્ર કુટુંબે મને મુશ્કેલીમાં ખૂબ પ્રેમથી સાચવી છે. તેનું સ્મરણ કરતાં હું ગદ્‌ગદ થઇ જાઉં છું.

પંડિતો, વિદ્વાનો, બહુશ્રુતજનો, સાધકો, મુમુક્ષુઓ, સાધુ-સંન્યાસીઓ વગેરે ઘણા લોકોને મળવાનું થયું છે, પણ સાહજિકતાથી સભર અને લોકભયથી મુકત એવું વ્યકિતત્વ તો મને પૂ. શ્રી સાવલા સાહેબમાં જ સતત અનુભવવા મળ્યું છે. તેમનામાં વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા અદ્‌ભુત છે. તેમના વ્યકિતત્વમાં હંમેશાં નિર્વ્યાજ, નિર્વિકારી, નિરંતર વહેતો પવિત્ર પ્રેમ જ અનુભવ્યો છે. તેઓશ્રીની આ સ્થિતિ તેઓશ્રીના પૂ. ગુરુદેવની પરં કૃપાનો પુનિત પ્રસાદ છે; જ મને પ્રાપ્ત થયો છે. તેઓશ્રીને થયેલી નિર્વિકલ્પ અનુભૂતિ પછી તેઓશ્રી મારા માંહ્યલાને પામી ગયા છે અને મારી સતત નિષ્ઠાપૂર્વક કાળજી રાખે છે તેવો મને સતત અનુભવ થતો રહ્યો છે. તેઓશ્રીને મારા લાખો પ્રણામ. મધુરાધિપતેરખિલં મધુરમ્ એવા મધુરાધિપતિને પ્રાર્થના કે હું તેઓશ્રીનું ઋણ ફેડવા સફળ થાઉં એવી મને શકિત આપે.

મારાં કાવ્યો, ભજનો વગેરે સત્સંગીઓને ગાઇ સંભળાવતી. પૂ. શ્રી સાવલા સાહેબ રસાસ્વાદ કરતા-કરાવતા. મને લાગતું કે મને સમધર્મી મળ્યા. પરમાત્માની કૃપા થઇ ! 'ઋતેશ્વરી'માં થતા સત્સંગની ઔપનિષદીય વાણીમાંથી જ અમારું મધુરાદ્વૈત દર્શન નીપજયું. મારા આ પૂ. ગુરુવર્ય ઋષિરાજ સંતશ્રી સાવલા સાહેબે મારાં કાવ્યો, ગીતો, ભજનો વારંવાર સાંભળ્યાં, વાગોળ્યાં અને લોકાર્પણ કરવા નિશ્ચય કર્યો તેમજ ચિ. જ્ઞાનેશે તેના પ્રકાશનની જવાબદારી

સંભાળી તેથી આ કાવ્ય સંગ્રહનું પ્રકાશન શકય બન્યું છે.

બાલ્યકાળથી જ પરમાત્માના કોમલ કોમલ કૃપાસ્પર્શથી ભાવરસની માધુરી વહેવા લાગી હતી. અનન્ય અને અભંગ મસ્તીનું આ સર્જન છે. તેથી મને તેમાં હૃદયસહિતાની અવિચ્છિન્ન મંગળ ઋચામાંથી ગહન રીતે વ્યકત થતી મધુરાદ્વૈતની અનુભૂતિ સિવાય અન્ય કશું જ લાગતું નથી. તે જ ખરે આદિ આનંદ મધુર ભાવ છે. સૌ આ મધુરભાવને પામો એવી મધુરાધિપતિને પ્રાર્થના છે.

૧ ફેબ્રુઆરી ૧૯૯૮, વસંત પંચમી — પૂર્ણાનંદી (ઋતેશ્વરી)

'ઋતેશ્વરી'
૬, રામનગર
ખેડાવાળ બ્રાહ્મણ સોસાયટી પાસે
અમરેલી - ૩૬૫ ૬૦૧
☎ ૨૪૫૯૧



## અનુક્રમ

| કાવ્યાનુક્રમ | પૃષ્ઠ | કાવ્યાનુક્રમ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ વરદે ! | ૧ | ૨૩ મનખો ફોર્યો | ૨૩ |
| ૨ સરસ્વતી વંદના | ૨ | ૨૪ તેજનું તળાવ | ૨૪ |
| ૩ શરણમાં સમાવી લે | ૩ | ૨૫ અભીપ્સા | ૨૫ |
| ૪ હંસ | ૪ | ૨૬ રાધા ઉન્મત્ત | ૨૬ |
| ૫ રામ-રતન | ૫ | ૨૭ મધૂપનિષદ્ | ૨૭ |
| ૬ મંન મારું | ૬ | ૨૮ આશ્લેષ અદ્વૈતનો | ૨૮ |
| ૭ કુંજ બિહારી | ૭ | ૨૯ કોમલ સ્પર્શ | ૨૯ |
| ૮ અલખના રંગે | ૮ | ૩૦ આંગણિયે હરિ ! | ૩૦ |
| ૯ અંતર વહે છે આનંદમાં | ૯ | ૩૧ રાતરાણી | ૩૧ |
| ૧૦ અરે શામળા ! | ૧૦ | ૩૨ અનહદ ફુવારો | ૩૨ |
| ૧૧ પ્રેમરસ | ૧૧ | ૩૩ સુરાહી | ૩૩ |
| ૧૨ વહેવાને મારગ કરીએ | ૧૨ | ૩૪ કહાન રમવા આવ્યાં | ૩૪ |
| ૧૩ વેદના | ૧૩ | ૩૫ પોપચાંને દીધાં ઢાળી | ૩૫ |
| ૧૪ અનુભવી . . . તો | ૧૪ | ૩૬ પરિ-ચર્યા | ૩૬ |
| ૧૫ રણવગડાનાં ફૂલ | ૧૫ | ૩૭ રંગડો | ૩૭ |
| ૧૬ વલોપાત પીર | ૧૬ | ૩૮ ચાંદ | ૩૮ |
| ૧૭ આનંદનું નૂર | ૧૭ | ૩૯ પૂર્ણ-ચંદ્રગ્રહણ | ૩૯ |
| ૧૮ વેલ ખીલી | ૧૮ | ૪૦ બસ-મધુરાસવ | ૪૦ |
| ૧૯ ઉન્મનીનો ઝૂલો | ૧૯ | ૪૧ કોણ કહે છે ? | ૪૧ |
| ૨૦ મીન મઝધાર ! | ૨૦ | ૪૨ હવે આવું કયારે ? | ૪૨ |
| ૨૧ કયાં જઇને પાછાં ફરશો? | ૨૧ | ૪૩ ખોલીએ ના . . . | ૪૩ |
| ૨૨ અષાઢી બીજ ! | ૨૨ | ૪૪ શ્યામ સંગે સુજાની | ૪૪ |

| કાવ્યાનુક્રમ | પૃષ્ઠ | કાવ્યાનુક્રમ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૪૫ સાબરનું તાંડવ | ૪૫ | ૬૭ આયખું ઓછું પડે ! | ૬૭ |
| ૪૬ ભાગીરથી | ૪૬ | ૬૮ પુકાર | ૬૮ |
| ૪૭ અખૂટ સૂર | ૪૭ | ૬૯ મીરાં મોરલી બની ઊડી જાશે | ૬૯ |
| ૪૮ દેવદાસીનું નૂપુર | ૪૮ | ૭૦ નાની શી ગાગર | ૭૦ |
| ૪૯ ગોઠડી | ૪૯ | ૭૧ મધુરાદ્વૈતના સાગરમાં | ૭૧ |
| ૫૦ નહીં જાઉં નિશાળે ! | ૫૦ | ૭૨ ઘાયલ મન . . . | ૭૨ |
| ૫૧ દિલડાંનો ઘેરાવો | ૫૧ | ૭૩ લાલ વેદના | ૭૩ |
| ૫૨ ઝંખના | ૫૨ | ૭૪ મધુર અદ્વૈત એવું | ૭૪ |
| ૫૩ અહા ! ફૂલવારી ! | ૫૩ | ૭૫ જાગો સૂતેલ શમણાં | ૭૫ |
| ૫૪ વાડનો થોર | ૫૪ | ૭૬ હે અમર પ્રીતિ ! | ૭૬ |
| ૫૫ દેહદેવાલયે | ૫૫ | ૭૭ માનવીનાં રે મનખાં ! | ૭૭ |
| ૫૬ નિષ્કલંક માધુર્ય | ૫૬ | ૭૮ સમય આવી મળશે | ૭૮ |
| ૫૭ મૌનની ગીતા | ૫૭ | ૭૯ નથી ... કેમકે ... નથી | ૭૯ |
| ૫૮ ડૂબી ગઇ ! | ૫૮ | ૮૦ સ્વરૂપ-મોતી | ૮૦ |
| ૫૯ પ્રેમઋચા | ૫૯ | ૮૧ પંદરમાં પ્રવેશ | ૮૧ |
| ૬૦ પીધાં કરીએ | ૬૦ | ૮૨ અહેતુકી લહાણ | ૮૨ |
| ૬૧ સાંઇકી નગરિયા | ૬૧ | ૮૩ જપયજ્ઞ ! | ૮૩ |
| ૬૨ પ્રેમનગરીએ જઇએ | ૬૨ | ૮૪ હાયકુ | ૮૪ |
| ૬૩ છાનું છલ્લક | ૬૩ | ૮૫ હાયકુ | ૮૫ |
| ૬૪ મધુરાદ્વૈત ખીલ્યું છે | ૬૪ | ૮૬ હાયકુ | ૮૬ |
| ૬૫ શકટ નીચે શ્વાન | ૬૫ | ૮૭ હાયકુ | ૮૭ |
| ૬૬ પ્રયાણ | ૬૬ | ૮૮ હાયકુ | ૮૮ |




# વહેવાને મારગ કરીએ

પ્રેમઋચાનું ઝરણ ફૂટ્યું,
નવજાત શિશુની જેમ.

પૈંડમાં પુરાય તે પ્રીતિ તો પાંગળી;
સૃષ્ટિ સુવાસમાં ફેલાય તે તો આગવી.



# વર દે !

વર દે ! પ્રભુ, આજ આટલું,
કદી ઝુકાવું ન મસ્તક કહીં;
રહું મગ્ન તારી જ સુરતામાં. ...વર દે

બલ દે ! પ્રિયે, આજ આટલું,
ભલે હો કંટક કેરી કેડી;
વેરી રહું પ્રેમ-પદ્મ તે પરે. ...વર દે

સંચરજે પ્રભુ, રોમ રોમ,
ન હો અપવિત્ર તનુ;
આશ્લેષી રહું વિશ્વ પ્રેમને. ...વર દે

સ્વર દે ! નવ છંદ લય,
ગાઈ શકું તવ પ્રેમરાગ;
ચાહી શકું સકલ સૃષ્ટિ હૃદ્ય. ...વર દે

# સરસ્વતી વંદના

ગાઈએ સરગમ સૂરમણિ દેવી,
વિરંચિ–સુતા મન નંદનકારી.

વિદ્યા સદન, સબ પતિત ઉધ્ધારિણી,
દયા–સિન્ધુ, સુંદર મન–ભાવની. ...ગાઈએ

અંબુજ–આસીન સંગીત ધાત્રી,
વિદ્યાવાહિની બુધ્ધિ પ્રદાત્રી. ...ગાઈએ

માંગત પૂર્ણા–આનંદી કર જોરે,
બસો હિય મોરે વરદાત્રી. ...ગાઈએ



# શરણમાં સમાવી લે

પ્રભો ! કેવી છે ! આ તવ રચિત માયા જગે સૃષ્ટિ !
નિરાશાઓથી છે મુજ જીવન સારંગ ભરિતા;
અષ્ટે રાગો મારાં વહત વિમલ મૌન થઈને;
લપાયો છે તું ક્યાં ? રસ હૃદય કેરો ગત થયો.
સિતારાલાપો જે વિખરઈ ગયાં શૂન્ય રવમાં;
નથી ભેટો થાતો મમ સમધર્મીનો જગ મહીં;
અહો ! શૂન્યા સૃષ્ટે નવ સૃજન મારું રઝળતું !
પ્રભો ! મૂઢા બાલા, સકલ જગમાં વ્યાપ્ત જ રહ્યાં;
કર્તાત્રાતા મારાં ભવ ભ્રમણને હે ! ઉગરજો.
મને કેવી માની તવ હૃદયની છે વિપુલતા;
બની જન્મો દાસી તવ ચરણમાં હું શરણ છું.
સમાવી લેજે તું, તવ સકલ રૂપે પ્રભુ મને;
અપૂર્ણા હું છું તો તવ સ્વરૂપે 'પૂર્ણા' જ હું બનું.

## હંસ

બ્રહ્માંડ ભેદીને હંસ એક ઊડિયો,.
ઊંચા ઊંચા ઉડાન ખેડીને આવિયો. ...બ્રહ્માંડ

આદિ અનુભવતણું-ચક્કર સાથે લાવિયો,
આધિ-વ્યાધિ ઉપાધિ ડોરથી બંધાયો. ...બ્રહ્માંડ

ભૂલોકમાં ભ્રમ-ભાંગ એણે પીધી,
અમૃત ઓડકારે મીંટ એણે માંડી. ...બ્રહ્માંડ

જ્ઞાન-વિજ્ઞાન બે પાંખ ફેલાવતો,
નિજ **'अहं'** ને વળી અણુ એ બનાવતો. ...બ્રહ્માંડ

મોટપની ખોટપ લઈ સત્ય દોહરાવતો,
મનમાં મુંઝાતો મૃત્યુથી બિચારો. ...બ્રહ્માંડ

જાણ્યું નહીં મૂળભૂત 'તત્' આતમ તણું,
પડઘમ બજાવ્યું રે બડા બડા ગ્રંથનું. ...બ્રહ્માંડ



## રામ-રતન

રામના-રતનને હ્રદિયામાં રાખજે,
મળે જો ઝૈહરી તો ખોલી તું નાખજે. ...પણ રામના

ક્ષિતિજથી આવતી માટીની ગંધથી,
રંગોળી ઈન્દ્રધનુની સુગંધી બનાવજે. ...પણ રામના

આંખની નીલિમા આંસુમાં ઝબોળી,
આત્માના ચંદરવામાં તું ટાંકજે. ...પણ રામના

મનનાં મૃદંગને મનખામાં પરોવી,
તા......થૈ......તા......થૈ નચાવજે. ...પણ રામના

સુરતાની સરગમને દિલરુબામાં છેડીને,
અંતર ગગન તું ગજાવજે. ...પણ રામના

પૂનમ થઈ 'પૂરણ' પ્રકાશીને,
કાજળને ધોળી તું નાખજે. ...પણ રામના

મૃત્યુની સોડયમાં બેસી નિરાંતે,
જનમ-મરણને કાપી તું નાખજે. ...પણ રામના

## મંન મારું

હે ! ગિરિધર !
તારા પ્રેમના ગોવર્ધન નીચે
યુગોથીં ઊભાં છું હું કોરે
ને મંન મારું ધીરું ધીરું ફોરે. ...તારા

હાય ! ચડું પડું જમુના-જળ તરંગે
શ્રીરંગના સંગે વહેતી થઈ ઉમંગે. ...તારા

પલક પગદંડીએ પળતાં
પ્રાણ પૂગ્યાં યુગ પાતાળે. ...તારા

અહીં લોકમાં સહુ વાટે છે ભાંગરો
પણ પૂર્ણાનો પ્રેમ દુગુન થૈ પાંગરો. ...તારા



## કુંજ બિહારી. .

ઓ કુંજ બિહારી શ્યામ.....
મને તારી (૨) બંસી થાવા દે ઘનશ્યામ.

તારાં પર્શે ભૂલી ગઈ હું ભાન,
પ્રેમલ રસથી ઘેલું(૨)સૂરધામ. ...મને તારી

અનંત રાસનાં સઘળાં સૂરમાં,
વહે અનૂપ મધુર રસ અપાર. ...મને તારી

ભૂલ નથી કીધી વૈકુંઠ મૂકયાની,
ગોકુળ પ્રગટ ભર્યા રે પ્રીત. ...મને તારી

જનમ-જનમ ગોકુળ સુખ લેવું,
નીત રહેવું અધરની પાસ. ...મને તારી

## અલખના રંગે

અલખના રંગે રંગાયો રે
જીવડો મારો અલખના રંગે રંગાયો.

કુદરતના કરિશ્મામાં કૌતુક પેખ્યું,
ને બુધ્ધિથી પાર ન પાયો રે. ...જીવડો

યોગ–તીરથ–ઉપવાસ કીધા,
ભાવના–ભર ભર છાયો રે. ...જીવડો

દેવ દેવીનાં લાખો ચરણ ચૂમ્યાં પણ,
ગુરુગમ ગોતી અગમને ગાયો રે. ...જીવડો

જગત ઝંઝાળની ઝાઝેરી ઝાડીમાં,
નિર્બંધ સેર રૂપે માણ્યો રે. ...જીવડો



## અંતર વહે છે આનંદમાં

આજે અંતર વહે છે આનંદમાં રે,
જગત છોને જૂવે એનાં ફંદમાં રે. ...આજે

અલબેલો છોગાળો આવી હૈયે બેઠો,
બજાવે છે ધૂન નોખા છંદમાં રે. ...આજે

તું હીં (૨)બોલે એનો નાદ રે,
માંહીં સમાય સુરતાનો સાદ રે. ...આજે

લૂંટો(૨) ભાઈ મારાં સંતજનો,
વહે અગમ જ્ઞાન ગંગોતરી રે. ...આજે

પીઓ(૨) ને પ્રેમી ભકતજનો,
નહીં દોકડાં કોડીનાં ખર્ચા રે. ...આજે

## અરે શામળા !

અરે શામળા !
હવે તો કરી લે ઓળખાણ;
નજરુંમાં ભેદ શું રાખે તું,
ઘુંઘટ પટ ખોલી દીધું છે સુજાન. ...શામળા

કાલા થૈ ગ્યાં વેદનાના બોલ,
ઠાલાં થશે શું ગીતાનાં કોલ ? ...શામળા

વારિ-વિનયનાં કાઠો છોડી ગ્યાં સમશાન;
ક્યાં એ ગીતા વચનનાં પરમાણ ? ...શામળા

'નામ રૂપ જૂજવા અંતે હેમનું હેમ';
પૂર્ણા ને રાધા નામરૂપ અનંતા. ...શામળા

નિર્બંધ સેરનાં એક જ સુરતા;
સ્નેહ-સંતાકૂકડીમાં અમે રમંતા. ...શામળા



## પ્રેમ રસ

સંતશિરોમણી વો હૈ જિન્હે ચાખા અપને આપા,
એસે પ્રગટ પ્રભુ કે સંગ ખો બેઠુ અપના આપા.

પ્રભુ ! પ્રેમકી ગલિયન ચીંટી ટાંગસે ભી ઝીનિયલ,
પહૂંચતા હૈ વહીં સંત જો મરજીવા-સા ગુનિયલ.

નિરતિ દુલ્હન મિલ ગયી દુલ્હા સુરતિસે,
કાહે ખોજન જાયે 'ઋતેશ્વરી' મુગતિકો ?

જુગતિ જુગતિ કહકે જોગી જોગ જગાવે,
ભગતિ ભગતિ કહકે ભોગી ભોગ ધરાવે.

પ્રેમ રસ પીકે પૂર્ણા મસ્તીમેં ડુબ લગાવે,
ક્યા કરું જાનકે જુગતિ મુગતિ કી સોં રીત.

## વહેવાને મારગ કરીએ

હૈયે જાગ્યો તો એને વહેવાને મારગ કરીએ રે.
    હૈયે જાગ્યો તો હેને બાંધી ન રાખીએ. ...હૈયે જાગ્યો

મહેરામણ મૂકે ન કદી એની માઝા;
    ગીત મસ્તીનાં ગાયે છે તરંગ વાજા. ...હૈયે જાગ્યો

પૈંડમાં પુરાય તે પ્રીતિ તો પાંગળી;
    સૃષ્ટિ સુવાસમાં ફેલાય તે તો આગવી. ...હૈયે જાગ્યો

અપૂર્વ પળ પાંગરી ને કૃપા એવી વરસી;
    મનનાં મૌવર-ગુંજનથી નાગણ હરસી રે. ...હૈયે જાગ્યો



## વેદના

હું એકાકી આ મંગલ કુંજોમાં,
તું લતાની કૂખમાં આશ્રયવંતી.

મારે, તારે હૃદયે નહીં સરખો વિસામો.

તું પ્રેમની મૂર્તિ, હૃદયે વસંતી,
હું, યમુના. કદંબ ડાળે ફૂટેલ કૂંપળી !

આપણી, રોમ-રોમ યુગ પુરાણી એ જ ઝંખના.

મેં તેં ધર્યાં લાખ-લાખ વિગ્રહો,
ને જીવ્યાં માધુરી કૈં કૈં ઉમેરી.

છતાં હજુય આશ ! અભીપ્સા નાથ કૃપાની !

# અનુભવી...........તો

અનુભવી તો એટલું કહેશે,
દુનિયા ડહોળાય ગઈ. ...અનુભવી

લાખ ટકાનું ડહાપણ તારું,
સમજી લે તું, મારા ભૈ;
આપ મૂઆ પીછે દુનિયા ડૂબી ગઈ. ...અનુભવી

મમતનાં પૂર છલોછલ ભરિયા રે;
સમતાની નાવ હો તો,
ભાઈ ઊતરો આરંપાર. ...અનુભવી

કરમ-ધરમનાં લેખાં જોખાં,
જનમ-મરણનાં એ તો છેડાં;
કરમ કમાણાંમાં કોણ કોનાથી કમાઈ ગયું. ...અનુભવી



# રણવગડાનાં ફૂલ

અમે તો રણવગડાનાં ફૂલો ભાઈ,
ઊની ઊની રેતનાં આંધી સહનારાં,
અકળ ઝંઝાને ઝીલનારાં. ...અમે

વા વંટોળની વાત્યુંને વહેનારાં,
વણઝારની પોઠનાં સહિયારાં,
પૃથ્વી પગથારે એકાંતનો નશો કરનારાં,
નિત અવધૂત શાં...રહેનારાં. ...અમે

રણ શૂન્ય અફાટ ઉરે સરજાયાં,
ક્ષિતિજ શય્યામાં સપનાં નિરખેલાં,
એકાંતે ખીલી ખરી જવાનાં, ખેર !...અમે

કોઈ પિપાસુ હ્યુ-એન-સંગ,
લેતો દેતો ગયો અંતરમાં વાસ.
અમે તો રણવગડાનાં ફૂલો ભાઈ
એકાંતે ખીલી ખરી જવાનાં રે ! ...અમે

# વલોપાત પીર

સંકલ્પ-વિકલ્પનાં વાયુ છોડય,
ગુરુ વચન-વિશ્વાસે ડેરા તંબુ તાણ્ય મારા ભૈ.

વચન-વિશ્વાસે પ્રેમ ભાંગ પી જા,
મસ્તીનું ગવન ઓઢી જા મારા ભૈ.

વિચાર-નિસરણીએ ચડ ઊતરવાનું છોડય,
સ્થાણુ બની અલખ આરાધ મારા ભૈ.

ગીત અનંત છે બુઠાં, જ્ઞાન ધ્યાન સર્વ જૂઠાં,
કરમ-ધરમનાં ફેંકી દે સર્વ ઠૂંઠાં મારા ભૈ.

અગમ-નિગમનો સાર છે, પ્રેમનો આધાર;
લાગે આ તીર લગીર, ભાંગે વલોપાત પીર મારા ભૈ.



# આનંદનું નૂર

તારાં મારાં નયન પથમાં કૈં ગઈ રાતડિયો.
હોલે હોલે સપન સભર થૈ જતાં ઘોડિયો.
પુષ્પે પુષ્પે લહર ઝરતી મંદ કેવી સુગંધો !
ઈચ્છા એવી, સકલ રસને પામવું એક સંગ !

તું આવે રે ! શશિયર કલા જેમ શોભંત ચંદ્રા !
આદ્ર કંઠે નવલરસનો કોણ ગાયે બિહાગ ?
તું તો મારી રાગ અવિચલ, પુણ્ય પાત્રે પરાગ !
સેવે તારો, હૃદય ભરતો મુગ્ધતાનો સુરાગ !

સૂરે સૂરે સ્મિત ઝરણ થૈ જતાં મુકતમાલા.
ને અર્પંતી હા, મૂસાણ સૂરે રમ્ય સંગીત હાલા.
કિંતુ જેવું પરાણ વિમુખ ડાળથી રે ઊડંતું !
ઈચ્છાનાં એ સકલ સૃષ્ટિ કેટલાં દૂર ભાસે !
તોયે ઝાંખે મમ હૃદય, આનંદનું એજ નૂર !

## વેલ ખીલી

ભવોભવ ભટકી
કયાં રહી અટકી !
પ્રેમ ગલી સાંકડી
વળી મૌનમાં છે આંકડી
કરવી વાત ફક્કડ પણ
તે તો છે અક્કડ
છે તેને કોઈની પકડ ?
નાકામ મારી અક્કલ !
કલા છે તેની અકળ, તન મન ધન સકળ.

આત્મનિવેદન...........

શું આર્ત પોકાર વિફળ ?
રે... ધરાઈ ગઈ હૈયાની મટકી
સ્પર્શી ગઈ પ્રેમ–ચૂટકી
ગઈ મન લાકડી બટકી
'પૂર્ણ પ્રેમ એ જ વિરાગ' ની
વેલ ખીલી ગઈ ફૂટડી !
ફોરી ગઈ વેલ ફૂટડી !!



## ઉન્મનીનો ઝૂલો

અરે ઓ સર્જનહાર !
તારાં સુંદર નંદનવનમાં
'અહં બ્રહ્માસ્મિ' બની પરિક્રમાએ નીસરી
અર્ધ મિલિત આંખ ઊઘડી તો......
રંગીન પ્રકૃતિની દોસ્તીને વરી.
અંતઃકરણ......
સમષ્ટિ કેરી સુગંધ બની
મહેકી રહ્યું.....
મધુર અસ્મિતા સાથે
વિશ્વ ચૈતન્ય સાગરે
તન હોડીથી સહેલગાહે આનંદતી
ઉન્મનીના ઝૂલા પર ઝૂલતી
દિવ્ય ઉન્મેષે ભાવોનાં કુંજને ભરી ભરી
પૂર્ણા......
ઋતેશ્વરીમાં મધુરાદ્વૈતની લહાણ કરતી.

# મીન મઝધાર !

સખી, શરદપૂનમની દૂધલી રાતે,
તીરછી નજરુંનાં હલેસાં સાથે;

મનનાં મહેરામણમાં ઊછળ્યો હિલ્લોળ !
મસ્તીની છાલકયુંથી, ભીની ભીની રોમ પગથારે;

ઊછળતાં લોઢની વચ્ચે ફીણ બની,
ફેલાય ગ્યો ખાલીપાનો ભાર.

નીત ઊગે, નીત આથમે દૂર-ક્ષિતિજની પાળ,
તેમ સપનાની છીપોમાં મોતીઓ પાકયાની આશ.

સૂરજ ઢળેને ચાંદો ઊગે, ચાંદો ઢળેને સૂરજ ઊગે;
સપનાંની હાલી વણઝાર, વેળાનાં વ્હેણમાં
તરફડતું બિચ્ચારું ! નાનકડું મીન મઝધાર !



# કયાં જઈને પાછાં ફરશો ?

કોઈને નથી એ નજરુંની કદરું,
કયાં જઈને પાછાં ફરશો ?

રે મનડાં ! મત વરસો, મત હરસો.
ઊંચે આકાશ ગંગા આભામાં,
નીચે જગતિયા લોક માનમાં.

રે મનડાં ! મત વરસો, મત હરસો.
પાંપણ હિંડોળે સપના ઝૂલે,
ઓલ્યો વગાડે મેઘ-મલ્હાર !

રે મનડાં ! મત વરસો, મત હરસો.
કેમ કરી પૂગવું, આડો વિચારઘાટ;
કોને કહેવી હૈયાની હળવી વાત !

રે મનડાં ! મત વરસો, મત હરસો,
રંગને માણી લો, નજરું નાથી લો;
પારદર્શી પ્રીતમના પ્રેમને પીછાણી લો.

રે મનડાં મત વરસો, મત હરસો.
કયાં જઈને પાછાં ફરશો ?

## અષાઢી બીજ !

હે સખી !
આજ અષાઢી બીજ સંધ્યા કિનારે;
ગગન-સઘન-સજલ મેઘ શ્યામલ
વાદળીનું નૃત્યુ છવાયું.

જાણે રણકંતા નાદથી ઢોળાયું,
સુભગ તન્વી સરિત તીર હિલ્લોળ્યું,
સાગરે સંગમ જાણે નવોઢા પિયુ સંગ !
સપ્તરંગી પુષ્પમાળા રવિએ
ધારી કંઠ ! જૂઓ કેવા સોહે !

સાગર-સરિતા ઉરે પૂર જોશમાં,
પક્ષી-કલરવ, પુષ્પ વરસે કે હોંશમાં !
વાદળીનાં આછેરા વાયલમાં બીજ ઉન્નયની,
લજ્જાથી લપાતી જાણે કો મદોન્મયિની !



## મનખો ફોર્યો

શબ્દો જોડયાં, અઢળક ઢોળ્યાં.
આંખથી જોયું, અંતરથી માણ્યું.
વર્ષા-જળમાં ડૂબકી મારી, મ્હોરી મલ્હાર મંજરી !
સમધર્મી મળિયા ને રણકી કાવ્ય ખંજરી !
માહીં શોધ્યું, તાતું જોયું.
ઉરમાં ઝર્યું ને અઢળક ઢળ્યું.
ગીતોમાં આ મન મોહ્યું ને હૈયુ લીધું ગોતી.
માનસની કોરે મોરે હંસ રૂપાળો ચરતો મોતી.
હૈયું ખોલ્યું ને અંતર જોડયું.
ઊંચે ઊડતું લક્ષ્ય હવે લાધ્યું.
અહીં તહીં ફરતાં(ર) ઘૂમી રહ્યાં ખલકમાં.
પ્રેમ ધૂણીથી ઘેરાયો, મનખો ફોર્યો અલખમાં.
અંતરમાં જાયું ને પળેપળ ગાયું.
પ્રેમ-કાવ્ય શચ્છંદોમાં ગાયું.

# તેજનું તળાવ

માટીથી ફૂટયો છે ઘાટ...
ને કણ કણમાં દીપે છે તેજનું તળાવ.

લીલુડી ધરતી મારી આંખોમાં જાગી,
સુંવાળી સવારની ભીનાશ લઈ. ...માટી

ઝળ ઝળમાં ચળકે છે, શીળી-શી ચાંદનીનો સ્પર્શ !
મલકે છે મારે મન હરિકૃપાનાં હર્ષ. ...માટી

એક એક કણમાં લહેરાતી લહેર,
ને કણ કણમાં દીપે છે તેજનું તળાવ. ...માટી

કલકલતી નદીઓમાં રાધાની વેદના,
ને ઝૂકેલાં ઝાંઝેરા ઝુંડમાં છે શ્યામ. ...માટી

પર્ણોથી ડોકાતાં કિરણોમાં મલકાતી,
મોંઘેરી લાગણીઓ કેવી છલકાઈ ગઈ ! ...માટી

પટપટતાં પોપચાંમાં ધબકે છે પ્રાણ,
ને કણકણમાં દીપે છે તેજનું તળાવ. ...માટી



# અભીપ્સા

શૂન્ય અતિશૂન્ય કે મહાશૂન્ય
દર્શન બુદ્ધનું નથી મન માન્ય.

સુલભ સહજાવસ્થાના સ્રોતથી
નિર્ઝરતું

પ્રભુપ્રેમનું ઝરણ શિરોમાન્ય.
તે જ પ્રેમોપનિષદ છે.

મધુરાદ્વૈત તે જ છે.
જીવ-શિવનું મનોબુધ્ધિ ગ્રાહ્ય.

નથી કંપન-સ્પંદન
નિસ્પંદિત હૃદયે તે જ છે.

વેદ-વેદાન્તાદિ ફિરકાંઓનું
સ્વતઃપ્રેમ-પ્રપાનું ગુરુસિધ્ધ પેય.

એ જ જીવન પાથેય; બસ
નિર્મિતનાં દ્વારથી સદા વહ્યાં કરો
એ જ તો પૂર્ણાની અભીપ્સા.

## રાધા ઉન્મત્ત

એક રાધા ઉન્મત્ત, મારા પિંડમાં એક રાધા ઉન્મત્ત
સમાધિની મટકીમાં પ્રેમ ગોરસ લઈ;
પ્રાણોની કુંજમાં ક્રિડન્તી, ચેતન કુંજ વિહારીને,
ભવો-ભવથી કરી રહી છે સાદ. ...એક રાધા

નવવિધની બંસીથી રેલાણી માધુરી;
ભાવની જામી છે રંગત,
ગમ્મત મજાની છે અંગત. ...એક રાધા

હું તું, ના ભેદથી જાગી છે સંગત,
અનંત લીલાની રે પંગત,
ચિત્ત-લીલાનો રાસ ચગ્યો દિગંત,
મોજ, મધુરાદ્વૈતની અનંત. ...એક રાધા

લૌ લાગી ને વેદના અંગોપાંગ;
પ્રેમ સમાધિની રે આણ,
પૂર્ણા ઊતરે શ્યામને સાંગોપાંગ. ...એક રાધા



## મધૂપનિષદ્

મધૂપનિષદ્ એક એવુ રસાનંદે છલકતું,
'રસેવ બ્રહ્મ' થઈને વિશ્વમાં વિલસતું. ...મધૂપ

મધુરાનંદે પિંડ બ્રહ્માંડમાં વિરાજતું,
ચિચ્છક્તિની અંગડાઈથી જગતરૂપે પ્રગટતું. ...મધૂપ

ૐ ઉદ્ગીથનાં સોપાન સર કરવા,
વિવેકનાં બાણથી પરપંચ સર્વે વીંધવા. ...મધૂપ

વિવિધ રસ ભક્તિ-રસાયન ઘણાં વિલસે,
મધુર રસ જ એક અખંડિત જાણવો. ...મધૂપ

સ્વસંવેદિત ભાવ આતમ તણો જ આ,
વિવિધ ભાવો આ એકજ મધુર-રસતણા. ...મધૂપ

જ્ઞાન,ઈચ્છા,ક્રિયા, વિવિધ-વર્ણકલા,
મૂળભૂત મધુર-અમીત-આતમકલા. ...મધૂપ

## આશ્લેષ અદ્વૈતનો

ઓ ! પરમપ્રીતમ ! શું નિર્ગુણ થઈને લપાયો ?
તું તારી જ અલખ જેલમાં,
અને પામ્યો કેવી સજા !

આશ્લેષ-અદ્વૈતનો અમથો નથી છોડયો અમે.
માણીએ છીએ માનવ થઈ,
તારી જ સૃષ્ટિની મધુર મજા ! ...આશ્લેષ

સગુણ થઈને નથી ભૂલ્યાં અમે કૈં ભ્રાંત !
કરીએ છીએ ધરતીને પ્રીત.
ગાઈએ છીએ સૃજનના સંગીત ! ...આશ્લેષ

કોક'દિ શિરીષ શું કોમળ ફૂલ,
તો કોક'દિ બાવળ-શું શૂળ !
સગુણ સ્પંદનનાં રસીલાં મૂલ ! ...આશ્લેષ

આછેરું ઓઢી લીધું છે ઘુંઘટ પટ,
ને ધોળી લીધું છે અંતર પટ !
મોજે કરીએ મધુર સજાવટ ! ...આશ્લેષ



## કોમલ સ્પર્શ

પ્રભુ ! તારો કેવો કોમલ સ્પર્શ !
આજ ઉષાનો ઉજ્જવલ હર્ષ.

બંસીના બોલ અનરાધાર વર્ષે,
પ્રાણિપાત જગતને છેલ્લાં હોંશે. ...પ્રભુ

વપુ વસુધા મહેકી ઊઠી છે,
જાણે રમણ રેતની સુગંધ ! ...પ્રભુ

દ્વન્દ્વોને આજે છેલ્લા જુહાર,
અંતર ઊઠે કૈં એવા ફુવ્વાર. ...પ્રભુ

સરવે નમન હતાં જે કુંવારાં,
મીઠાં થયાં છે માધવ દુવારે. ...પ્રભુ

આવા-ગમન હતાં જે નકામા,
પ્રભુ પ્રીતે થયાં છે સકામા. ...પ્રભુ

દુજો ભાવ થયો રે વિદાઈ,
પૂર્ણા, પી થી ના હવે લેશ જુદાઈ. ...પ્રભુ

## આંગણિયે હરિ !

હે સખિ !
આજ આંગણિયે મારે હરિ !

ખાલીપાનો ભાર થયો છે હળુ હલ્લક હલ્લક.
રાજીપાના હારથી મુખડું મલકે મલ્લક મલ્લક.
પ્રાણે પ્રાણે પ્રેમ ફુવારા લોચન નીર ભરી;
અઢળક મારાં પુણ્ય પ્રગટયાં મંન ચળકે ચલ્લક ચલ્લક.

જનમ-તરસ્યા કંઠ પાણી પીવે પલ્લક પલ્લક.
દિલ મંજીરા રવી ઊઠયા સૂરગંગાને તીર !
પોંખવા દોડયાં ચરણ, ઝાંઝર ઝમકે ઝમ્મક ઝમ્મક.
સાળુડાની કોર સરકે, ઉરડું ધબકે ધબ્બક ધબ્બક.

આજે આંગણિયે મારે લીલા લહેર !
મધુરાદ્વૈતનાં હીરા ચમકે ચમ્મક ચમ્મક.
હાં રે હરિ હરખે હળવે .....હલ્લક...હલ્લક.
હે સખિ ! આજ આંગણિયે મારે હરિ !



## રાતરાણી

સૂરજે પડખું ફેરવ્યું ને
શાણી સંધ્યાની સખી
રાતરાણી જાગી.

અંગે તારલિયાળું દૂધલું ગવન સુંદર
સેંથે આકાશ ગંગા-શું સિંદૂર
વાદળ-વેણીએ મઢયો એનો
વાંકલો અંબોડલો.

તેજ લિસોટો જાણે પતલી કમરનો કંદોરો
નશીલી સુગંધનો આછેરો પારો
નિંદર પથારીએ સથવારો
રાણીની અબોલ આ છડી
કેવી અણમોલ છે ઘડી !

પવનની પાંખે સુંદર એ સવારી, સપનાં દે જગાડી.

# અનહદ ફુવારો

રંગત અમે માણી રે અવનિ દુવારે
ને પૈંડમાં પ્રગટયો અનહદ ફુવારો !

કે દૂર દૂરથી સંભળાયા છે અકળસૂર
ચાલ્યાં ચરણ ને ચાડિયો બન્યાં નૂપુર !

સમીર સંગાથે મન હાલ્યું સપૂર
ને અગમ-કિનારે ખેંચાતું પૈંડનું નૂર !

નથી પગદંડી કે ન આંકેલ કોઈનો ચીલો !
બસ પ્રેમભીનો હૈયાનો હરિયાલો હેલો !

રંગત-અમે માણી રે અવનિ દુવારે
ને પૈંડમાં પ્રગટયો અનહદ ફુવારો !



# સુરાહી

સત્ ચિત્ સુરાહીસે
પીયા આસવ આનંદકા.

ન તનકા રહા ભાન લગીર
ન મનકા લગે ભાર તનીક. ...સત્ ચિત્

અબ, રોમ રોમ સે પીધ લી
બુંદ મધુરતા કી. ...સત્ ચિત્

કૃતિ બન આતી હૈ નયી નયી
પ્રકૃતિ જબ લેતી અંગડાઈ. ...સત્ ચિત્

અબ, તહ-સતહસે ઊભરી
મસ્ત ફરિસ્તોં શી માધુરી.
અંતરે ગુંજે એક અપૂર્વ બાંસુરી. ...સત્ ચિત્

## કહાન રમવા આવ્યાં

મારી કીકીની કાલિંદીએ કહાન કુંવર રમવા આવ્યાં
ગેબી પ્રેમનો ,ગેડી દડો લેતા આવ્યાં. ...મારી

સરવે ગોપાળ-બાળ ખેલ ખેલી રહ્યાં (૨)
દડો જળ રે જમુનામાં ફેંકી દીધો. ...મારી

મારી પાંપણ-પગથારથી કહાન કુંવર કુદિયો રે લોલ
ને..... સૂતેલ નાગણી થરકી ઊઠી. ...મારી

કૃપા કરી કાળ કાલીયને નાથી ગયો
મારી હૈયાની જમુનાને મધ શી મીઠી કીધી.
હે..... મુને મધુરાદ્વૈતમાં નહાતી કરી. ...મારી



## પોપચાંને દીધાં ઢાળી..........

પારિજાતની સુવાસે પાલવ ફેલાવી
મારાં પોપચાંને દીધાં રે ઢાળી..
ને આવ્યું પરોઢનું સોણલું રે
મારાં પહેલાં પરોઢનું સોણલું. ...મારાં

આનંદનો છલકે નીતાર
વાગે છે અંતર સિતાર;
એવાં મલકમાં ગ્યાં'તાં અમે ભૈ,
આ વૈકુંઠ કે વનરાવન સૈ. ...મારાં

ભીનીભીની જામી ગઈ'તી રાત
મારાં હૈયામાં કોની ઠકરાત !
નંદનવનની આ લીલી વનરાજીનો
ચડયો છે કેફ વનમાળી રે. ...મારાં

સુભગ શીતલ સૂરગંગા કે
કાળા કાળા કાનની કાલિંદી !
કાંઈ છલકાય રહ્યો ઓર મલકાય રહ્યો
આ મધુરાદ્વૈતનો અધિપતિ. ...મારાં

# પરિ–ચર્યા

વૈશાખનો બપ્પોર....
તીણાં તીણાં સળિયા જેવા કિરણો ભોંકતો
થાકી લોથપોથ થઈને
સંધ્યા–ટાણે ક્ષિતિજના પાળે
થઈને ગોળો, ટૂંટિયુ વાળી સૂતો.

ક્ષિતિજની સુંવાળપ સાથે
સમીર દોડયા, જાણે રેસના ઘોડા !
ઘૂમી ઘૂમી ફરી વળિયા
પૃથ્વી પગથારે........ને
એક સપાટામાં સંધ્યાને પાઢાડી દઈ
રાતને લીધી આંબી.

સ્ટ્રીટ લાઈટ ઝળહળી ઊઠી !
આકાશ નગર ઊતર્યુ જાણે હેઠે !
કરવાને પૃથ્વીની પરિ–ચર્યા.



# રંગડો

આ જમુના જળમાં ઝુમ્મરી ખાતાં
તરંગ વચ્ચે જામ્યો કેવો રંગડો !

લળી લળીને કદંબ ડાળે સનકારાનાં
સૂર–મધ્યે જામ્યો કેવો રંગડો !

આ સરખે–સરીખી વૃંદા વચ્ચે રમતી
શરમ–બાવરી રાધા દિલે જામ્યો કેવો રંગડો !

ભોળી ભોળી વિરહ–બાવરી ગોપિકાની
કૂણી કૂણી કીકીનાં કાજળ વચાળે જામ્યો કેવો રંગડો !

મોરનાં ગહેકારવે અઢળક ઢળતાં
આંસુનાં આસોપાલવમાં જામ્યો કેવો રંગડો !

અહીં જામતો તહીં જામતો બંસી સૂરથી વહેતો
આ વગડાં જેવાં દિલડાંમાં ભૈ જામ્યો કેવો રંગડો !

આ ભાવોની કુંજોમાં કૃષ્ણ રસાયન પીતાં પીતાં
મધુરાદ્વૈતનો જામ્યો કેવો રંગડો !

પૂર્ણા, અરે ! ભોળી સખી ! જો માણિગર તો
માણી લે આ સૃષ્ટિકેરો સનાતન રંગડો !

## ચાંદ

પૂનમની રૂપેરી રાત
ધામે ધામે પાડે ભાત
સંધ્યાની સોનેરી વાત
ચમકયો એ હૈયાનો હાર !
શશી તણો ન લાગે ભાર !
ચમકે ચાંદ !

નિશાની સહસ્ર આંખ
તેજ લિસોટે જોતી કાંક
ભૂમિ પર છે કોની આણ !
ચમકે છે તારાની ખાણ
કોણ છે ? એ કવિ શો ભાણ !
મલકે ચાંદ !

ચંદ્રીની નથડીનો નંગ
ઈબાદત–શો તેનો રંગ
કાજળનાં ધોળી દેતો અંગ !
શી જ્યોતિ ! શું નાગમણિ !
છે ચંદ્રાનો પારસમણિ
ઊજળો ચાંદ !



## પૂર્ણ–ચંદ્રગ્રહણ

ચંદ્ર પાંખથી ખરખર રાત ખરે
ઊંચા લોઢે સાગર હાથ ચાળો કરે
સ્નાતા છાલકોથી ખડકો હરસે
રતનો ભરેલું ઉર કાંઠે વરસે.

પ્રલય કાળનાં ફાટેલાં મોઢામાં છેક
સણસણતો સમીર બગાસાં ફેંકે !
દરિયાવી મોજું ખખડે છે અટ્ટહાસે.
કાળાં ડિબાંગ વાદળ જાણે
ખેલે, સંતાકૂકડી નભમેદાને હોંશે હોંશે
સાગર–રાણો હેલે હિલ્લોળે !
ચંદ્ર લેવા પોતીકા મસ્ત ખોળે !

## બસ–મધુરાસવ

હું ક્યાં કંઈ કરવા આવી છું ?
ઓરું–પોરું તમારું કે મારું !
ક્યાં હું કંઈ કરવા આવી છું !
હું તો બસ મધુરાસવ પીવા આવી છું.

રોણામાં કે સોણામાં
મધુર સરતી લહેરખીમાં
કે દરિયાવી હિલ્લોળમાં
હું તો બસ, મધુરાસવ પીવા આવી છું.

અખૂટ કુંભ, જાય જો જડી
બે ચાર ઘૂંટ દો ઘડી
પ્રેમની સંધાતી કડીએ
હું તો બસ, મધુરાસવ પીવા આવી છું.

સુધાર, ઉધ્ધાર, દીક્ષા
કંઈ શિક્ષા કે ભીક્ષા
લેવા–દેવા ક્યાં આવી છું.
હું તો બસ, મધુરાસવ પીવા આવી છું.



## કોણ કહે છે ?

વ્રજનાર કહે ભમરાને,
ભમરો વાત વદે ફૂલડાંને;
રે ! કોણ કહે છે ? 'માધવ ક્યાંય નથી મધુવનમાં'

કદંબ કેરી ડાળે ડાળે
કોકિલ ઘેલો થાતો;
કોકિલ કેરો કંઠ કહે છે પાને પાને હસતો કનૈયો.
રે ! કોણ કહે છે ? 'માધવ ક્યાંય નથી મધુવનમાં'.

યમુના કેરા વારિ ઓવારી
જઈ કાલીય નાગને કહેતાં;
કંદુકે ક્રિડન્તો દેખું હસતો રમતો કનૈયો.
રે ! કોણ કહે છે ? 'માધવ ક્યાંય નથી મધુવનમાં'.

વૃંદાવનની કુંજ કુંજથી
પથરાતો પરિમલ પૂછે;
પૂર્ણા,પળ પળ દેખું છાછ પે નાચંતો કનૈયો.
રે ! કોણ કહે છે ? 'માધવ ક્યાંય નથી મધુવનમાં'.

કૂદી કૂદીને કાજળ કહે
અંજન થૈ આંખ્યુંમાં અટવાયો;
કાજળ કહે છે કાળજને કણ કણમાં કરતો વાતૂ કનૈયો.
રે ! કોણ કહે છે ? 'માધવ ક્યાંય નથી મધુવનમાં'.

# હવે આવું ક્યારે ?

જમુના-જળના ભવંરને આંખો ફૂટી,
ને તાક્યું કદંબ ડાળે નજરુંનું તીર !

મર્મર-ધ્વનિ હાલી નીકળ્યો,
અનાગત સૂરની શોધમાં.

રમણ રેતની ડમરીઓ પહોંચી આભમાં;
લીલાની-લડખડાતી લેરખીમાં લીંપ્યું છે,
લજ્જાથી અવનિ અંબરનું પોત.

કેવું અનર્ગલ હાસ, નિર્બંધ તેનું હેત !
વરસાવ્યું'તું વ્હાલે અગમ નિગમની ધાર.
જગત તાકી રહયું 'હવે આવું ક્યારે ?'
અનંત કાળના આરે !



# ખોલીએ ના.........

ખોલીએ ના સખી,
હૈયાનાં કમાડ ખોલીએ ના સખી.
બિલ્લોરી નેણથી જોઇ લઈએ,
ભાવ ઝીલનાર ગાગર કે પછી સાગર ?

વનવગડે મારગ સૂનો,
ખેતરે સંધ્યા ટાણું, કેવળ ગુંજતુ આપણું ગાણું.
ગામનો ચોરો ચર્ચાનો ઓવારો.
ત્યાં શંભુ મેળો, કોણ કોની જોડે ગાતો ભેળો !

ભાનમાં સંચરજે સખી,
પ્હેરી મૌનની સાળ કે અફાટ સૂનકાર.
વેદનાની વ્યથા આ તારી,
જાણે શું લોક ! અમથા માનશે વેતાળકથા !
ઢબૂરી દઈ કાળમાં,
શીતલ થઈ રહેજે તું, પૂરા માનમાં.

# શ્યામ સંગે સુજાની

શ્યામ સંગે સુજાની હું આજ સખી,
શ્યામ રંગે રંગાણી. ...હું આજ

કાળી કાળી કાલિંદીથી નીર ભરી લાવી,
વ્હાલે, વ્હાલપના વારિ દીધાં ઢોળી. ...હું આજ

કાળી કાળી કોકિલ–કંઠ લીધો ચોરી,
કવિતા કૂંપળમાં દીધો ઓરી. ...હું આજ

કાળી કાળી મેઘલી અમાસી રાત્યું,
કાળજે ઊગી મધ મીઠી વાત્યું. ...હું આજ

કૃપા કુંજેથી રસ પીધો લસલસતો,
કાળી કીકીમાં કહાન તગતગતો. ...હું આજ

કોમળ કાળજું કલાવતી રાગ ગાતું,
કૈં મંન અમથું નહીં મદમાતું. ...હું આજ



# સાબરનું તાંડવ

આવી રહી આકાશથી કો એક વ્હાલી સુંદરી !
સંધ્યા સમીર સોપાનમાં એ ડગ ધીમે રે માંડતી.
વિખરાયલાં કેસ એનાં લાગતાં ઘન–શ્યામલા.
ગરજન તણા નૂપુર રણકે, ચાલે શી માતંગિની !
આપી રહી છે નવ જીવન, શ્રીકૃષ્ણ શી એ મોહિની.
બિછાવી દીધી ચહુ દિશ ચાદરો કંઈ રંગની.
ઈન્દ્રધનુનાં રંગે રમતી, શિવધનુ સહ જાનકી !
આવી રહી આનંદથી તે મળવા બેની અવનિને,
છલકાય અશ્રુ આંખથી ને પુરભરિત નદી વારિથી.
રૂપ લીધું અવનવું ? કે કીધું કામણ ઓ કામિની !
બહુરૂપિણી ! ધાર્યું હતું કે સસ્ય શ્યામલ થૈ ધરા.
થયું શું ? ના ખબર કાંઈ, રૂપ કેમ આ અવળું ધર્યું !
બંધ તોડયાં સાબરે, જયાં ધામ છે ગાંધી તણું !
હુંકાર ત્રાહિમાં કરંતી થૈ ગઈ જમાં દીસતી !

## ભાગીરથી

સાથે સાથે પથ પર જતાં માર્ગ કેરાં વળાંકે,
જોઇ આજે પ્રથમ જ તને કેટલી ભાવપૂર્ણ !
સ્રોતે સ્રોતે કલકલવતી ચંચલા શ્વેત કાયે.
માંગલ્યોથી મઢિત તનુ; શું પૂર્ણ સૌંદર્ય જોયું !

સ્પર્શે જાગ્યો, સ-રસ સુખાનંદ કૈં કોણ જાણે.
છે તું, સૌની રસભરત સંજીવની અમૃતા હે !
આવી કેવી, ધસમસત ભાગીરથી તું ધરાપે.
મૃતાત્મા એ સગરસુતમાં પ્રાણ પૂર્યાં ક્ષણાર્ધે.

સાયંકાલે રવિકિરણથી શૈલના શીર્ષભાગે
ખેલંતી તું, તરલ તન્વી ભાવ-મુગ્ધા ભવાની !
આજે તારા પુનિત જલથી રાગ દ્વેષો વિલાયા,
ને અંધારા ભવ ભવ તણાં અઘોળિયા પશથી.

હોલે હોલે, નવલ રસિક પ્રાણનાં કુંજ વિશે,
આનંદોનાં રસમણિ થકા લૂંટતી જિંદગી હું !



## અખૂટ સૂર..........

તારાં કાજે પુલકમય કૈં રાત્રિઓ રમ્ય તેજે,
જાગી રહેતી મધુર મનનો તાલ દૈ મંદ મંદ.
તાલે તાલે અતલ-તહથી જાગતો લાસ્ય છંદ;
ને ડોલી ઊઠી; અગમ-રસ માધુરી ભાગ્યવંત !

રે ! એમાંથી શ્રવણ પ્રિય-શો કાંત 'ઉન્મત્ત સૂર'
જાગ્યો. જેથી મધુર મત્ત એ પ્રેમનાં ગીત ગુંજે.
ગીતોની એ છલ-બછલ પ્યાલી અહા કંઠ કૂંજે !
આશાની તે કમલ-સરખી નાજની શ્વેત પુંજે !

રાગો કેવાં ! ઉર ઉપવને સમ રંગો ભરંતાં !
શ્વાસે શ્વાસે હર હૃદયની રાગિણી ઉન્માદિની !
શું ? હું માનું; પ્રિય ! પ્રણયનું દાન તેં કેવું દીધું !
જેથી તારાં અખિલ-જગમાં જાદુ-શું છાઈ રહ્યું !

મારાં ગંગા તટ પર લસે 'પૂર્ણ' સંપૂર્ણ પૂર !
જેથી સ્ફૂરે શત-શત સ્વરે મંદ્ર અખૂટ સૂર !

## દેવદાસીનું નૂપુર

તારાં સાથે રુમઝુમત કૈં નર્તકી રમ્ય ગીતે
અંગે ભંગી લલિત-લયથી ડોલતી મંદ-મંદ.
રાગે જાગે મધુર રવથી વિશ્વનો નૃત્ય છંદ
ડોલંતો આ ખળખળ ઝરો મુગ્ધ થૈ તાલ પૂરે.

ને એમાંથી ઉરકમલનાં રક્ત રંગી પરાગો
ઊડે, જ્યાં ત્યાં મધુરસ થકી લુબ્ધ કેવાં પતંગો !
તાલે તાલે પદ-કમલથી ચૂમતા રાગ મીઠો
ને યાચંતા સ્મિત રસિક આલિંગનો પ્રેમ કેરા !

નૃત્યે તારાં, ગુલ હૃદયની લાગણીને મઢી દૈ
હૈયે તારે શત શત ઋતુ રાગથી તું રડી રહી.
શું જાણે કો નૂપુરનું રમ્ય તેં સમ્માન કીધું !
ને ! તારાં એ અકળ રવથી રળ્યું અશ્રુનું એક બિન્દુ.

હંમેશાં તું સકલ રસનાં રેલતી સપ્ત સિન્ધુ !
સંબંધો, નૂપુર નર્તનનાં નાથશે કોણ બન્ધુ ?



## ગોઠડી

આ રહસ્ય પામવા
'હું' જોગણે
માયાના મંચથી માર્યો મોટો ઠેકડો.
લોકે ઉડાડી ભારે ઠેકડી.
લજ્જા ચોક પર મારી ચોકડી.
પ્રીત પગથાર વળી સાંકડી.

પણ
મારગ મળ્યાં. વિરાટ પુષ્પ પાંખડી.
ચેતન સ્પર્શે ખુલી આંખડી.
ભેદ ભરમની છૂટી ગાંઠડી.
હવે મધુરાદ્વૈતની અવિરત,
થઈ રહી છે પૂર્ણાની ગોઠડી !

# નહીં જાઉં નિશાળે !

આ બાજુ કેવડો ને પેલી બાજુ કેવડો
વચ્ચે ચમેલી વેલ, વેલ મને કેવી ગમે છે.

આવને મેહૂલિયા, મારી વાડીમાં
વેલને પાણીડાં સિંચવા રોજ. ...વેલ

કૂંપળે ફાલેલી, ફૂલડે લચેલી
મારી સામું હસું હસું થાય. ...વેલ

આંગણે ખીલેલી, મહેમાની કરતી
નામ એનું પલ્લવી વેલ. ...વેલ

પવન સંગે રમતી, આનંદ આપતી
એ છે મારી નાનેરી બેન. ...વેલ

નિશાળે જાતી, આંગણે એ રે'તી
વિયોગે મારાં, રડતી રોજ. ...વેલ

રડતી મેં જોઈને રૂસણું લીધું
નહીં જાઉં નિશાળે હું બેન ! ...વેલ



# દિલડાંનો ઘેરાવો

હું કાલી કાલી કોકિલ
કંઠમાં મતવાલી
વિહરતી હું વ્યોમે
આંબા માહીં ટહૂકતી. ...હું કાલી

વસંત વરસે, કૂંપળ હરસે
પંચમ–સરસે સુગંધ વરસે
ગાતી હું વસંતની વધામણી ...હું કાલી

આંબો ને ગુલમહોર ભાઈ
છૈયાનો કલશોર
પવનનો ચકરાવો ભાઈ
દિલડાંનો ઘેરાવો. ...હું કાલી

# ઝંખના

સ્વપ્ના તો પંખીની જાત મોરી સૈ
આવે આવે ને ઊડી (૨) જાય.

દેખવા દોડું હું હરણ ફાળે
પાસે આવું તો આંખ ખૂલી (૨) જાય. ...સ્વપ્ના

સમણું તો આંખનું કાળું કાજળ
વેદનાના વારિમાં વહી જાય. ...સ્વપ્ના

ચાંદ શો ચહેરો કો' મલકી જાય
હૈયામાં કૈં કૈં ઉમંગ ઊગી જાય. ...સ્વપ્ના

ચાતકનાં મંનનું અલૌકિક રૂપ શું ?
ઝંખના ! રે હંમેશાં પ્યાસી રહી જાય. ...સ્વપ્ના



# અહા ! ફૂલવારી !

અરે સૈ, ફૂલવારી તું જો. અહા ! ફૂલવારી !

ચમ્મક ચમ્મક થાય પેલી ચમેલી,
એના ચમ્મકારે કૈં ચાંદા જેવું રેલાય. ...અહા

મબલખ મલ્લક મલ્લક પેલી મલ્લિકા,
એના મલ્લકારે કૈં મઘમઘતું ફેલાય. ...અહા

ઝમ્મક ઝમ્મક ઝુમકે અલી જસ્મિન,
એના ઝમ્મકારે કૈં ઝૂમખાં હસી જાય. ...અહા

રુન્નક ઝુન્નક રમતી પેલી રાતરાણી,
એના રનકારે કૈં રાસ જામી જાય. ...અહા

પલ્લક પલ્લક પલકે પેલી પોયણી,
એના પલ્લકારે કૈં પાયલ રનકી જાય. ...અહા

ચહક ચહક ચહકે પેલી ચિડિયા,
એના ચહકારે કૈં ચમન ચઢિતો થાય. ...અહા

ખિલ ખિલ ખેલંતી ફૂલવારી તે રાધિકા,
ને માણિગર તે રસિયો નાનો કહાનજી. ..અહા

## વાડનો થોર

મારી પાસે મધુટપકતી માધુરી ના, ભલે હો !
ના શોભંતો અલક લટ કે દેવનાં પાદ પદ્મે !
ના હો હાસ અમ અધર કુંજે, નર્યા કંટકોના
જાળાં તીણાં તગતગ થતાં દેહમાં લીન છે હા !
તાતી દ્રષ્ટિ સકલ જનની દૂર રે'તી હમેશાં.
દૂરે રાખે કવિજન બધાં કાવ્યની કામિનીથી.
ના વર્ષે કો મધુર મનની રંગબિરંગી વૃષ્ટિ !
સુગંધીથી મુખરિત થઈ ફૂલ ખીલે ન એકે !
જેથી લોકો કરકમલથી દૂર રાખે હમેશાં !
ક્ષેત્ર કેરો લખમણ બની પાકને રક્ષતો હા !
જેથી ક્ષેત્રો નવ ફસલથી ઝૂમતાં શું ઉમંગે !
મૂંગે મોઢે તપન સહતો જેઠ-વૈશાખ કેરા !
વર્ષા હેલી સનનનન-ન વીંઝે કશાનાં કડાકાં !
ના રાખ્યો મેં મરણડર, હૈયે વસી ગૂઢ આશા !
ગૃહિણીનાં કરકમલથી શોભતો આંગણે હું !



## દેહદેવાલયે

દેહ દેવાલયે ચૈતન્ય ને પરમ દેવ જાણવો.
અજ્ઞાન-નિર્માલ્યને ત્યાગી; તે દેવને પૂજવો. —દેહ

એ પરમ તત્વ 'હું જ છું' તેમ જાણીને સદા
અવર ભેદ ભાંગવા, એકતા જ જ્ઞાન છે. —દેહ

મનને વિષય મુકત રાખવું એ જ તો ધ્યાન છે.
મનના મળનો ત્યાગ એ પરમ સ્નાન છે. —દેહ

ઈન્દ્રિય સંયમ એ જ તો ખરી પવિત્રતા.
બ્રહ્મરસ પીવો એ છે જીવ તણા ભોજના. —દેહ

પરમ રસ પીવો તે જ વૈરાગ છે.
મધુર રસ એક નિત્ય લીલા તણો રાગ છે. —દેહ

સમાધિમાં જીવ ને શિવ ચિદ્રુપ જાણવા;
તે જ સંન્યાસ ખરો; અવર મુંડ મૂંડાવેલ જાણવા. —દેહ

કહે 'ઋતેશ્વરી' ખરા અનુભવ વિના વદે જે
'બ્રહ્માનંદ' ને, તે પોથી પંડિતને મૂર્ખ જન જાણવા. —દેહ

# નિષ્કલંક માધુર્ય

હે પરમપ્રીતમ !
તું વિસ્તરિત અનંત આકાશ;
પૃથ્વી પાદપની ઋતેશ્વરી ડાળે,
હું ફૂટતી પાંખનું ભોળું પંખી !

હે પરમ સૌંદર્ય સ્વામી !
તારો જ પ્રેમ રોજ રોજ આવીને;
શબ્દ-સ્પર્શ-રંગની ભેટ ધરી જાય છે,
તેથી નવા કલરવથી માળો કલ્લોલે છે !

હે માંગલ્યોના સ્વામી !
તારાં સોનેરી કિરણો સ્વર્ણિમ સ્રગથી,
સૃષ્ટિને શણગારી પ્રભાતી રંગ લાવે છે,
ને અચ્છ-સ્વચ્છ શુભ્રતા વિરાજી રહે છે !

હે પરમ પવિત્ર પિતા !
નથી ત્યાં દ્યાવા પૃથવી અંતરિક્ષ,
રાત્રિ-દિન રંગરૂપ રસ ને તેજ;
બસ, નિરવયવ નિરંજન નિષ્કલંક માધુર્ય !



# મૌનની ગીતા

તારી મૌનની ગીતા આજ,
નીરવ વીણામાં વાગી રહી (૨).
મારાં અંતરનાં પાંચેય પ્રાણ,
પુલકી ઊઠયાં જેમ ધરતીમાં અંકુર. ...તારી

સામે પાર સમુંદરથી આવી રહી,
હલ્લેસાંની અઢળક હેલી;
જેમ ઝરણું ફૂટયું ને માં ધરતી ઘેલી ઘેલી. ...તારી

આભૂષણ-પ્રતિમાનાં આજ,
સરવે પીગળી ગયાં;
જેમ રવિકિરણથી હિમશીલા ગઈ ઓગળી. ...તારી

તારાં ચરણોમાં લૂટાઈને,
આતમનું નિવેદન થઈ, ને
અંતર અસ્મિતાનાં દીવા ઓર ઝળહળી ઊઠયાં. ...તારી

## ડૂબી ગઈ !

હે મધુરાદ્વૈતનાં અધિપતિ !

પ્રેમથી મધુરતાનું ગવન ઓઢાડી ગયો.
મારા હૃદયનું કૃપા કરી વરણ કરી ગયો.

અસ્મિતાનું મહાભૂષણ તવ સાન્નિધ્યે,
કવન થઈ જગ કાલિંદીએ કલરવતું થયું !

મર્મીઓ આવ્યાં, ધર્મીઓ આવ્યાં ને
ગવૈયા ને બજૈયા આવ્યાં મારે દ્વાર.

મધુરાદ્વૈતી મસ્તીને દરબારી રંગોથી
શણગારી, માલકૌસાંય સૂરથી મઠારી;

નીરવ મૌનની અનંત ભરતીમાં,
અહા ! પ્રભુ ! કેવી તો હું ડૂબી ગઈ !



## પ્રેમઋચા

પ્રેમ ઋચાનું ઝરણ ફૂટયું,
નવજાત શિશુની જેમ;
ને પ્રિયે ! તું આવી બેઠો,
મધુરાદ્વૈતી માધુરી પોંખવા;
ઋતેશ્વરીનાં હૃદય મંદિર દ્વાર !

હવે, તારાં દિવ્ય રાગોની,
મહેફિલ જામી ગઈ દિનરાત !
તંતુ વાદ્યો ગુંજી ઊઠયા,
પારિજાતીય સુગંધી હિલ્લોળ જેમ !

રોમ રોમ તંતથી રાગ,
ઋતેશ્વરીનાં અનુપમ રેલાણા !
પરાવાણીથી મસ્તી ઊતરી,
મઘમઘી રહી જાણે કો કસ્તૂરી !

પર ગીતમાં પ્રોત થયાં છે,
સખી, મારાં હરખનાં હરણાં.
ઝૂમતા ચાલ્યાં છે ચરણાં.
ના રહ્યાં દુન્યવી કોઈ ભરણાં !

# પીધાં કરીએ

પ્રેમની પ્યાલીને ચકચૂર થૈ પીધાં કરીએ.
દિનરાતની પાંખો પહેરી ઊડયાં કરીએ.

છોને પાગલપન કહે આ 'ઊડાન' ને લોકો,
નવું અભિયાન છે; મશગૂલ થૈ મહાલ્યાં કરીએ.

તરતાં-તરતાં, જેમ અળગાં ને ભેગાં થઈએ,
અજબ-પૂરમાં તણાતાં રહી પાવન થઈએ.

મમતથી સરતો નથી સંસારનો અરથ.
'અહં' ઓગાળી રાસમાં રમતાં રહીએ.
પ્રેમ-પ્યાલીને ચકચૂર થઈ પીધાં કરીએ.



# સાંઈકી નગરિયા

સાંઈકી નગરિયામેં
સ્નેહ ઝૂલે ઝૂલિયે રે. ...સાંઈકી

'પૂર્ણ પ્રેમ જ વિરાગ' નાં
વસન નવાં ધરિયે રે. ...સાંઈકી

કૃષ્ણ રસાયણ પી પી કે
મસ્તીમેં ઝૂમિયે રે. ...સાંઈકી

નિર્બંધ આનંદ સંતૂરસે
સૂર નયા સજિયે રે. ...સાંઈકી

અનાહત ઢોલકે તાલસે
નયા તાલ બજાઈયે રે. ...સાંઈકી

ૐ ધ્વનિકી લહરસે
અનંત વ્યોમમેં સરિયે રે. ...સાંઈકી

જ્ઞાનકે શૈલાબસે બના
મધુરાસવ પીજિયે રે. ...સાંઈકી

# પ્રેમ નગરીએ જઈએ

હાલો હાલો ને પ્રેમ નગરીએ જઈએ રે.
જ્ઞાન–વિજ્ઞાનનાં છૂંદણાં ત્રોફાવીં,
નથીં જાત શણગારવીં રે. ...હાલો

નથીં શૂન્યમાં સરવું,
કે નથીં વિરાગમાં વલોવાવું રે. ...હાલો

સુરતાનાં સમદર કિનારે જઈએ,
ને મધુર સવારીં માણીંએ રે. ...હાલો

નામ રૂપની હોળી જલાવીં,
સહજાનંદમાં ડૂબીંએ રે. ...હાલો

પ્રાણનાં પરપંચને પ્રેખીંને,
પૂર્ણા, પૂરા પ્રેમાં પરખંદાને પામીંએ રે. ...હાલો



# છાનું છલ્લક

યાર, ધમપછાડા છોડી હસીંએ થોડું અલ્લપ ઝલ્લપ.
મ્હોરાં નો પરિવેશ છાંડો, તો હૈયું મ્હોરે મલ્લક–મલ્લક.

ખાલીપાનાં જળ તો ઘૂઘવે કીકીનાં ઊંડા કોતરમાં;
આહ ! દરદનીં ભરતીમાં ભીંજાઈએ થોડું છલ્લક–છલ્લક.

સપનોનીં રંગત જામીં છે, રેશમ જેવીં મસ્ત પથારીં;
કાંટાળો મુખભાર છોડી, જીવીંએ થોડું અંગત–અંગત.

ચારેકોર દિશાઓ રૂઠી, પહેરાં જડબે સલ્લક–સલ્લક.
ધરતી ને આકાશ સમા છો રહ્યાં અમે છેટાં છેટાં;
મધાનીં મોસમ ધારા સમ, મળીંએ છાનું છલ્લક–છલ્લક.

# મધુરાદ્વૈત ખીલ્યું છે

અમારાં મન મહીં આવી વસ્યાં છો.
બસ, હવે એમ આનંદ ભરતીએ ચડી છું.
જતાં અને આવતાં મારે જ રસ્તે,
ખીલેલી ભાવનાની કુંજોમાં લતા છે.
ઉલ્લસતું દૂર મેઘોનું વૃન્દ જોયું.
જરા પાસે જાતાં વરસી પડયું એ.
કહે લોકો ભલેને 'પાગલ' છે તે.
હું ખોવાણી પછી જગને કયાં નડી છું ?
અસાર જ દુનિયાનો કયારો છે.
પરાજય દુનિયામાં પ્યારો છે.
ચરણ પ્રભુને પંથ, જે ન્યારો છે.
અનાદિ કાળથી ચાલી રહી છું.
ઈશનો સાથ પૂર્ણ હવે તો મળ્યો છે.
અહા ! મધુરાદ્વૈતી પુષ્પ હવે શું પૂર્ણ ખીલ્યું છે !



# શકટ નીચે શ્વાન

સામા પૂરે તરવાની શી મજા !
ઝૂઝવાની ન લાગે કોઈ સજા !

તારી સામે રડયા, પણ બીજા સામે
રૂમાલ આડો ધરી મૂછમાં હસ્યાં.

નશીબ પાધરું થઈ ગયું તો તમે
શકટ નીચે શ્વાન કયાં થઈ ગયાં ?

અસમજનો ડોળ કરી ગયાં અને
તમે, તમારાં હાથે જ છેતરાય ગયાં !

મનમાં ભાવે મૂંડી હલાવી ગયાં !
હાથે કરી, પગે કુહાડી મારી ગયાં !

## પ્રયાણ

લીલા-લીલા ઘાસમાં ડગ મૂકું છું ધીમે ધીમે.
કોમળ તૃણ દિલમાં ખૂંચે પળે પળે.
ક્ષિતિજ ઉંબર છોડું છું ચુપકે ચુપકે.
વાટમાં ડુંગર છે બહુ થોડે થોડે. ...લીલા

હૃદય-વીણાં ગુંજતી ધીરે-ધીરે, 'સ્વજન હવે આવજો'.
અકળ ગતે ઉર તણાય સૂરગંગાને ઘાટ.
આસકિતનાં મ્હોરાં ઊતર્યાં જીર્ણ મેલાંદાટ.
પ્રાણ પંખીનું હાસ્ય હવે ખિલખિલાટ ! ...લીલા

તારો, મારે સંગાથ છૂટયો.
પૂર્ણા પળી પર વાટ, આરપારના સાગર કૂદી;
લો..........'હવે આવજો', આવી ગયો યમઘાટ ! ...લીલા



## આયખું ઓછું પડે !

હું ચાહું છું કે વિશ્વને નયને ભરું !
પણ મારાં નયનાં નાનાં પડે. ...હું ચાહું

વિશ્વેસરને હૃદય સિંહાસને બેસાડું,
પણ હૈયાની ચાદર નાની પડે. ...હું ચાહું

બુધ્ધિ ત્રિકમથી અનંત ઝરણાં ઉલેચું,
પ્રભુ ! મનનાં પાવડાં ઓછાં પડે. ...હું ચાહું

કવિતા-સવિતાથી સાહિત્ય-નભને ઉજાળું,
પણ ભાવ ભરવા શબ્દ ગુચ્છ ઓછાં પડે. ...હું ચાહું

પ્રકૃતિ કેરાં ઊર્મિલ સ્પંદન પરસવાં છે,
પ્રભુ ! માધુરી માણવા ટેરવાં ઓછાં પડે. ...હું ચાહું

મોર પિચ્છ લાધે મને એ આશે શ્વસ્યાં કરું,
પણ, પૂર્ણા વ્રજવાટે આયખું ઓછું પડે. ...હું ચાહું

## પુકાર

આ મનનો જે સર્જક કલાકાર છે,
તેને મારાં હૈયાનાં ઝાઝેરાં નમસ્કાર છે.

વિરહ વેદનામાંથી વહેતા એ અનંત
વિશ્વ ગીતોનો કોણ મૌસીકાર છે ?

આ આંખો વચાળે તગતગતાં દીપ્તિમંત
બે તારલાં, કહો કોનો પુરસ્કાર છે ?

ખરું પૂછો તો મારા કોમળ હૈયા પર
હુકમથી ચાલતી કોની સરકાર છે ?

નીંદરની સીમમાં સેઢે સૂતેલ છેક
સપનાનાં સોનેરી રંગનો કોણ ચિત્રકાર છે ?

નિરંતર નીતરતાં મારાં રોમ રોમ અશ્રુમાં
અનંત વેદનાની 'આહ' માં પ્રભુ ને 'પુકાર' છે.



## મીરાં મોરલી બની ઊડી જાશે......

હવે.....
મીરાં મોરલી બની ઊડી જાશે.
વૃંદાવન કુંજ વિશે મોહન ગીત ગાશે.
રાણાજી ! તારાં સુના મંદિરિયા થાશે. ...મીરાં મોરલી

પછીતની લૂણાળવી ખરતી ભૂરી કાંકરી,
મોતને નગારે સજા થશે ઘણી આકરી. ...મીરાં મોરલી

રાણાજી ! તારા મનખાનાં મહેલમાં,
મીરાં સંભારણાની મોલાત્યું મહોરશે. ...મીરાં મોરલી

પાદરનાં પહાડિયા વૃક્ષોથી ખરશે ઓળો,
ત્યારે, મીરાંને ન સમજયાનો પડશે સોળો. ...મીરાં મોરલી

ભકિત ગયાંની જાળ ઘેરી વળશે,
ગંગાનાં નીરથી નહીં શાતા વળશે. ...મીરાં મોરલી

રોણાનાં કૂવામાં ડૂબશે લીલો મેવાડ,
ને પૈંડામાં વીંછી ડંખ્યાની તારી રાડ. ...મીરાં મોરલી

રાણા ! મેવાડ ફાટયાનું તૂટશે આભ,
રૂંવે રૂંવે ખૂંચશે, જેમ નોકદાર દાભ. ...મીરાં મોરલી

## નાની શી ગાગર

ઉરની નાની શી ગાગર
સૃષ્ટિનો ઊછળે છે સાગર !
કેમ કરી ભરવા વાલમા નીર
મનડું મૂંઝાય ઓ કીમિયાગર ! ...ઉરની

રોજ રોજ પેલા લટકંતા આભથી
ઉષા સંગે નીતરતું લાલ ચટ્ટાક પરભાત
હૈયામાં રોપતું જાગ્યાનું સવાર. ...ઉરની

દૂર દખણને માંડવે, ચંદન તરુની હેઠ
વાવેલ સપનાની ફૂટતી કુમળી સુગંધ
નીતરતાં હૈયાનો મંદ મંદ કરતી ગુલાલ. ...ઉરની

વૈશાખી તપન, વૃષ્ટિનાં લીલાછમ નેણ
ધીમા ધીમા ધારાએ
મનમાં ઊછળે છે લોઢ શાં વ્હેણ. ...ઉરની

જપનાં ઝંઝાવાત જાણે નાયગ્રા પ્રપાત !
પ્રેમનાં સિન્ધુ કે રોણાનાં બિન્દુ !
આકાશીય ગંગાથી નીતરતો
આસ્થાનો ધવલ ઈન્દુ ! ...ઉરની



## મધુરાદ્વૈતનાં સાગરમાં

ચોર પગલે આવી દ્વાર ખોલી ગયાં તે કોણ ?
ચોર ના ભાળું ! અને ચોરી ગયાં તે કોણ ?

બંધ પાંપણને સ્પર્શી ગયાં તે કોણ ?
સ્વપનીય ચાદર મારી, ચોરી ગયાં તે કોણ ?

અદ્રશ્ય રહી આંખોમાં બેસી ગયાં તે કોણ ?
ખાલીપામાં રાજીપો બની બેઠાં તે કોણ ?

મન વમળમાં સનકારો કરી ગયાં તે કોણ ?
હૈયાનાં ડેરાંને હચમચાવી ગયાં તે કોણ ?

ઠામ ઠેકાણા કીધા વિના તાણી ગયાં તે કોણ ?
મધુરાદ્વૈતી સાગરમાં ડૂબાડી ગયાં તે કોણ ?

## ઘાયલ મન.........

હે ! મારાં હૃદય મંદિરમાં રમી રહેલા રામ !
તેં તારાં માધુર્યના તીરથી સનન......ન
કરતુંકને મારાં મનને આરપાર વીંધી નાખ્યું.
બિચારું મન.......ઘાયલ મન....
પ્રેમની માધુરી ચાખી ગયું.
પછી....
તેને પામવા દિનરાત શ્વસતું
વિરહ-વેદનામાં બળતું ઝળતું
ધીમે ધીમે કૃશકાય થયું
વેદનાની વેદીમાં બળી તેજોવંત થયું
પૂત થયું-સૂક્ષ્મતમ થયું
પારદર્શક થઈને મરી ગયું.
અને...
હે રામ ! તારી લીલાનાં 'હું' કિરણનાં
અવલંબનથી તવ અંતરમાં નિહિત થયું.
હવે મન ક્યાં ?
અ-મનનો ચમન જ વિલસી રહ્યો.
સત્-ચિન્મય-મધુર પુષ્પ ખીલી રહ્યું.
રામમાં રમી રહ્યું.
સદૈવ રમતું રહ્યું, રમતું રહ્યું.....



## લાલ વેદના

લાલ વેદના લઈને ફરતી રહું છું.
એકાંતની ઈમારતને ચણતી રહું છું.
મધુર નશો કરી મદમાતી રહું છું.
ઓરડાનાં અંધારને ક્યારેક,
આગિયો થઈને ગળતી રહું છું.
વિરહનાં અશ્રુને હવામાં તરતાં મૂકી,
ખાલીખમ આસમાં ભરતી રહું છું.
માટી થશે નામોનિશાન 'હું' અને 'મારું',
તેથી ખરતી ઉલ્કાને ગણતી રહું છું.
આશા અમર છે 'પ્રભુ આવશે' ની,
તેથી આસોપાલવનાં તોરણ ટાંગતી રહું છું.
ખબર છે 'સ્મશાન સુધી જ સ્વજન',
તેથી શૂન્યતામાં સરતી રહું છું;
છતાં મધુરાદ્વૈતી ભરતીમાં રમતી રહું છું.

# મધુર અદ્વૈત એવું

મધુર મધુર અદ્વૈત એવું
જ્ઞાનમય ચિન્મય વિભુ 'હું'
સત્ આધારે પ્રગટ ચિત્ એવું
જ્યાં જ્યાં સત્ સમવિત ચિત્
ત્યાં ત્યાં મધુરાદ્વૈત સમાધિ હા !
પ્રેમમય શાંતિમય પવિત્ર ઝરણું.

ચિત્ત મોરની કળા આ જગત એવું
કલા-કલાવંત-માધુર્યથી અંતર્બહિર્ સ-રસ
રામક્રિષ્ણ, રહીમ, ઈશુ, તાઓ, રાધા રમણ
સંવિત્ સૃષ્ટિનું બ્રહ્મવર્ચસ્ 'તત્' હું.

પ્રવૃત્તિ-નિવૃત્તિ બે સમાન ચક્રયુત
ચિદાનંદ રથી ફરી રહે પરિક્રમા મધુર
દ્વન્દ્વ-અદ્વન્દ્વ-ત્રિગુણનાં રંગોથી
સૃષ્ટિની કરી રહે રંગ પૂરણી.

શિવ-શકિતનાં તાંડવ-લાસ્ય નૃત્તથી
ખીલી રહ્યું આ મધુર સૃષ્ટિ પુષ્પ !
ફૂલ-ફૂલસુગંધ સમ મધુરાદ્વૈત પુષ્પ !
વિલસી રહ્યું 'પૂર્ણા', નીત રાસ રાધા રમણનો !



# જાગો સૂતેલ શમણાં

આલોકતાં અવનિ મંદિર દ્વાર દ્વાર
કેવાં વહ્યાં'તાં કરુણ-નીર તણાં પ્રવાહો
આજે દિશા ગગન-ગંભીર આ ધરિણી
જાગો સૂતેલ નયણાં મનુ ભાગ્યવંતા !

તારાં વિશાળ નભ-મંડળમાં રસીલી
ચોમેર ગંધ વહતી મધુ મિત્રતાની
મા ભારતી ! તવ કૂખે મનુજો અનેરાં
આપી ગયાં જગતને રતનો રસીલાં
જાગો સૂતેલ શમણાં અનુરાગવંતા !

## હે અમર પ્રીતિ !

તું, ઉજ્જવલ ઉરની ઉદ્‌ગીતિ !
તારી ગંગા શી સંગીતિ
તું વિરાટ વ્યોમે સરંતી
ગોકુલ મધ્યે લસંતી
કુંજે કુંજે રહી હસંતી.

અનાયાસ મુજ કંઠે પ્રગટી !
નયન રમ્ય કો અરુણા
પરમ તેજ શી તરુણા
બુધ્ધ જનની કરુણા
પ્રેમી જનની મધુરા.

ના પ્યાસ હવે તો અનંત આશ !
પ્રણય-ઉષાનાં ઉત્સવની અનુભૂતિ !
તું, હે અમર પ્રીતિ !!



## માનવીનાં રે મનખા !

આ માનવીનાં રે મનખાં !
ઘડીક ફાગણ તો ઘડીક કામણ
ચંચલ હવાના ઝરૂખાં
આ માનવીનાં રે મનખાં !

ક્યારેક આંખોએ અશ્રુધારા તો
ક્યારેક સ્મિત ફુવારા
સુખદુઃખના નગરમાં
ચિતરાયા વિના ન રહ્યાં ડગરમાં !

કાળની કેડીએ ઊગવું ને
પરપોટા શું ફૂટવું
જનમ્યું તે જાય એમ
ગયું તે ફરી થાય !

જન્મ મરણનું અકળ અર્ક
લગીરેક ન સમજાય જીગરમાં !
શું જોતાં યથાર્થ નજરમાં ?
આ માનવીનાં રે મનખાં !

# સમય આવી મળશે

હે ! મારાં કાચનાં કોચલાં !
તેજ સમાવી લો સમગ્ર વિશ્વનું;
રખેને, તેનાથી જ જોઈ શકાશે વિશ્વેશ્વરને.

અરે ! ઓ મારાં હાથો !
તમે મુઠ્ઠી વાળી બેસી નહીં રહો;
કર્મની કેડીએ કૃષ્ણ હાથ આપવા દોડી આવશે.

અરે ! મારાં રમ્ય કર્ણો !
ધ્યાનથી પ્રકૃતિનાં રમ્ય માંડને સાંભળો;
રખેને, તેમાં જ અનાહતે રણકી ઊઠતી બંસી સંભળાશે.

અરે ! નમણી નાસિકા !
સતેજ કરજે તું ઘ્રાણ શકિતને;
ક્યાંકથી કલ્પલતાની મઘમઘતી મધુર સુગંધ આવી મળશે.

અરે ! ઓ મંજુલ ટેરવાં !
સ્પર્શ કરતા રહેજો સદા અવનિનો;
રેશમ શાં આનંદનો સ્પર્શ મળી જશે આ ભવમાં.

અરે ! સોનેરી વાણી !
ગાતી રહેજે છંદ અવનવા રૂપે;
આવશે સમય, પ્રણવના દરિયામાં ડૂબકી મારવાનો.

અરે ! સચેત જ્ઞાનેન્દ્રિયો !
સંભાળજો મૂળભૂત તત્વને;
જેથી મહામાનવ થવાનો સમય આવી મળશે.



# નથી...કેમકે...નથી

નથી રમવી રમત સંતાકૂકડીની;
કેમકે મારાથી સંતાય શકતી નથી.
નથી ખોદવા હવે કૂવા અમારે,
કેમકે હવે ઘરમાં આગ લાગતી નથી.
નથી સમંદર ઉલેચવા મારે મરજીવા !
કેમકે ખોળવા જતાં રત્નો જડતાં નથી.
નથી બી, સંબધનાં વાવવા અમારે,
કેમકે લાગણીની ધારા વર્ષતી નથી.
નથી શ્રધ્ધા જ્યોતિષ વિદ્યામાં મને,
કેમકે રેખાઓ હથેળીમાં ફૂટતી નથી.
નથી કરવા નવા કરારો હવે અમારે,
કેમકે સ્વાર્થનાં ટેકાથી મૈત્રી નભતી નથી.
નથી કરવી બાદબાકી સંબંધોની હવે,
કેમકે લાગણીનાં સરવાળા હોતાં નથી.

# સ્વરૂપ–મોતી

હે રસાધિપતિ રસેશ !
તારી કૃપા સિન્ધુનું એક બિન્દુ રમતું રમતું,
આવી પડ્યું મમ હૈયાની છીપમાં હસતું હસતું.

કાળ સમંદરનાં જનમ–જનમ લોઢ ઉછાળે,
ઉપર નીચે ને નીચે ઉપર દિશા વચાળે.
તારી પ્રેમપ્રસાદીથી સુમધુર અંગોઅંગ,
નકલંક સ્વરૂપ–મોતી પાક્યું સાંગોપાંગ. ...તારી કૃપા

તારાં ચરણોની નિશ્રામાં માથું ઝૂકાવી,
આ અણમોલ મોતીનું નિવેદ ધર્યું.
હવે સૃષ્ટિનું સર્જન લાગે હર્યુંભર્યું,
ખાલી ખાલી નહીં ખલકમાં અણુઅણુ. ...તારી કૃપા



# પંદરમાં પ્રવેશ

સખી........
પંદરમાં પ્રવેશ કીધો ને
અંતર ખીલ્યું સોળે કળાએ.

મઘમઘતી વસંત મહોરી ને
જગનાં જગતિયાં ઝાંઝર–
બેડી પહેરાવવા દોડિયા. ...સખી

આશાનાં ઓઢણાં સુવાસિત
લઈ છાબ ભરી આવ્યાં
ભરવાને પૂર્ણાની માંગ. ...સખી

ખબર ક્યાં ? તેઓને સુગંધ આ
'મુકતા ફળ' ની જે
મહેકી રહી અતૂટ. ...સખી

શું જાણે ? તેઓ કે નિજાનંદની
નિકુંજનો પીધો છે
મધુરાસવ પૂર્ણારો અખૂટ. ...સખી

મધભરી મારી આંખો વી
મધુરી ઘેરાણી
કજરી કરંત અંતર બિજુરી. ...સખી

## અહેતુકી લહાણ

ઓ અમૃતના મધુર સાગર આત્મન્ !
ઓ અંતર્યામી તેજોજ્જ્વલ જ્યોતિર્મય !
તારાં તેજસ્વી કિરણો મન-હૃદય-ચિત્તને
અરે મારાં રોમ-રોમને
આવરી રહ્યાં અને
મારી યુગો પુરાણી ચિન્મય પ્રાપ્તિની
અસહ્ય મધુર વેદનાને
સ્પર્શી રહ્યાં નદીનાં પૂર જેમ.
અને
હું મધુરાદ્વૈતનાં સાગરમાં ડૂબકી લગાવી ગઈ !
પછી
જાગીને જોયું તો.......
નહીં રાત કે નહીં દિવસ
બસ 'હું' છું શુધ્ધ નિશ્ચલ
જ્ઞાનસ્વરૂપ નિરાકાર સ્વયમેવ સ્ફુરિત
'હું' અચલ જ્યોતિર્મય
આત્માનંદ !
મારી ઈશ્વરોની અન્વેષણાઓ
ઓગળી ગઈ હિમશીલા જેમ.
'હું અને તું' 'સત્-ચિત્' નાં સૂત્રમાં પરોવાઈ ગયાં.
પછી........તો
આપણી જુદાઈ પ્રચ્છન્ન થઈ,
ખુદાઈ અવિચ્છિન્ન થઈ !
હવે સર્વત્ર કણ-કણમાં 'હું' અને 'હું' જ છું.
કેમકે.........



હવે મને મારું અસલ ઘર મળ્યું.
ખોવાયેલો મારો અમૃતકુંભ મળ્યો.
બિડાયેલ નેત્રની પાંપણ ઊઘડી.
ભૂલી પડેલી 'હું' નદી..... આજ સાગરે ભળી.
પ્રતિબિંબ રજકણની જેમ પલકમાં ખરી પડ્યું.
બસ, બિંબ બની સર્વને વ્યાપી રહી.
ઓ નિષ્કલંક નિર્દોષ હૃદય !
તારાં જ પડદા પર હવે તો ચિત્ર-વિચિત્ર સૃષ્ટિનું
નર્તન થાય છે, ટકે છે ને પ્રલીન થાય છે.
આ મનનાં આંગણે પ્રેમમધુરતાની,
થઈ રહી છે લહાણ
અહેતુકી લહાણ.

## જપયજ્ઞ !

મધુરાદ્વૈતના
ભાવ કુંજથી
સરતી
સરસ્વતીની
અનુપમ આરાધના
તેથી રૂડો શું હોય શકે
જપયજ્ઞ !

## હાયકુ

૧

વિષાદ ડાળે
અર્જુન ડામાડોળ;
ગીતા સર્જન !

૨

ચંદ્રે કલંક,
નકલંક નાથની
ચંદ્રમણિ હું !

૩

રાધા કે મીરાં !
તે દિન વૈકુંઠમાં
શ્યામ મૂંઝાયા !

૪

ચિંતન ડેરું,
પૂજા પ્રેમભાવની;
મઝા સ્વરૂપે !

૫

ઐશ્વર્ય નાઠું,
રાધા પ્રેમરસથી
પરાસ્ત હરિ !

૬

ના દ્વૈત બાકી,
અનુભવ ઓગળ્યો;
માધુર્ય લસ્યું !



## હાયકુ

૭

વિરાટ કેવો ?
આભના આભૂષણે
કેમ ઢંકાય ?

૮

હરિનો સંગ,
લાગ્યો નથી ક્યારેય
સંસાર રંગ !

૯

મારૂ આયખું,
વ્યક્ત વૃક્ષની ડાળે
મંજરી ફૂટે !

૧૦

શરણાગતિ
અણમોલ પ્રેમની
પરોણાગતિ !

૧૧

ચિત્તની સાડી
તત્વ અવગુંઠતી;
નાથ ! નિવારો.

૧૨

મન શમન,
વિધિ પૂજાની પૂર્ણ;
સહજાવસ્થા !

૧૩

બુધ્ધનાં ચક્ષુ,
કરુણા વર્ષન્ત કે
પ્રજ્ઞા કરંત !

૧૪

સુરંગ ફૂટે
ઝરણાં ગાતાં કૂદે;
નવજીવન !

૧૫

ગંગા સરીખો
તારા પ્રેમનો ધોધ;
હું ક્યાં શંકર ?

૧૬

ધરતી નભ
આશ્લેષ ભરપૂર;
ક્ષિતિજ શય્યા !

૧૭

વિલીન થતા
ઘંટારવે, ચર્ચમાં
ઈશુ મૂંઝાયા !

૧૮

વર્ષાની હેલી,
અમરેલીને લીએ
બાથમાં ઠેબી !





૧૯

તું તો પૂનમ,
આંગણિયે મારે છે
ઈદ મજાની !

૨૦

વૈશાખ તાપ,
ટાલ તગતગે કે
માટલું ઊંધું !

૨૧

ફૂલની પાંખે,
પ્રભુના શિરે ચડે
કૈં રજકણો !

૨૨

આવે આષાઢ,
ખૂલે ધરતી પાંખ;
મેઢક ડ્રાંઉં !

૨૩

રહ્યાં કંડારી,
જલકણો ગુફામાં
કૈં શિવલિંગ !

૨૪

પાળિયા હસ્યાં;
ઢાલ-તલવાર ગૈ,
અણુ યુદ્ધ ભૈ !

૨૫

હૈયાં ન રીઝે
અનરાધારે; કોક
બિંદુએ ભિંજે !

૨૬

મુગ્ધાના નેણ
ઢળ્યાં વદી બે વેણ;
ક્યારે આવશો ?

૨૭

પૂનમ ચાંદ
રહી ગયો બહાર;
ઘરમાં ચાંદ !

૨૮

કીકી કોડિયું
દીપ્તિમંત ઘોડિયું
નવ વાત્સલ્યે !

૨૯

દીન ભારતે
ચોંટ્યું, ભ્રષ્ટાચારીનું
ઈતડી વૃંદ !

30

'પ્રજા' બની જો,
કહો નેતાને 'પદ'
છે ચાદરડું !



ચિત્તચોર !

અગમ લોકથી
એક
અલૌકિક પળે
પ્રેમરસ પિંડ થકી
બુંદ
એક ખર્યું ને
ભૂલોકમાં પૂર્ણા
નામે
પળ્યું
જુદાં જુદાં
નામોની
લાગી ગઈ મહોર
અને
ભવના ભારા
નીચે
યુગોથી ખોળી
લીધો
તેનો ચિત્તચોર !

– પૂર્ણાનંદી